दलपत दुर्लभ कृत.

ભાગ ૪.

भाषाभूषण

સટીક.

પીંગળિક અને પ્રબોધકોનું

તથા

કૈસર હિંદ રાજ્ય તવારીખ.

એ બેઉ ગ્રંથ ભાષામાં નવું સાહિત્ય

છાપી પ્રગટ કરનાર

રચનાર કવિ

દલપતિરામ દુર્લભરામ યાજ્ઞિક.

अमदावादमां

ખાડાની હવેલીમાં એ૦ યુ૦ પ્રો૦ અને સ૦ એ૦ કંપનીના પ્રેસમાં રઘુનાથદાસ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૩૪—શાકે ૧૭૯૯—સને ૧૮૭૮.

કિંમત ૧૦-૪-૦

ઇશ્વર [illegible] કુરાન નામ પ્રીક્ષવા સંબંધી
છાપી પ્રગટ કીધા છે.

સુચના.

આ ગ્રંથ છપાવવાની [illegible] [illegible] [illegible] છે કે
મા લોકોને [illegible] [illegible] [illegible] તેઓના [illegible] [illegible]
[illegible] આપવા આ લેખ [illegible] વાંચનાર [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] આશાં છે.

अर्पणपत्र.

ગીતિવૃત્ત.

મોદી કુળ મન્ડિત શ્રી, ખુપડા ગોહિલથકી સતેજસ્વી;
મંગળકાર શુભેચ્છક, સુકીર્તિવંતા જહું યશ પ્રસરવી.
ધર્મેષ્ઠ સદા રૂપે, નામાંકિત તિર્થ તિર્થે શોભાવ્યાં;
ધર્મશાળા દેવાલય, વાપી કૂપ નદિ ઘાટ બંધાવ્યાં.
ખગ મૃગ પશુ પ્રાણીના, આત્મા ઠારક સદા ધામ રાજે;
પર્માર્થી વિસ્તા મ્હો, ધન્ય માત તાત કહાવવા કાજે.
એ વિન કન્યાશાળા, સ્થાપી જન્મ ભુમિમાંજ પર્માર્થે;
આજ પવિત્ર વિરાજે, રંભસ્હેલ શોભિતા રસિક સ્વાર્થે.
વિદ્યા વૃદ્ધિ થાવે, સ્વદેશ હિતકારી ગ્રંથકર્તાને;
ઘટિત વિચાર સુચવિને, અર્પી આશ્રય ભળે ફળનાંને.
એ ઉપકાર પ્રિય ધરી, ભાષા ભુષણ સ્વદેશ હિતકારી;
કાવ્ય ગ્રંથ હું અર્પું, શો મોદી શ્રી ત્રીભુવન વિનયથ ર.

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

પ્રસ્તાવના.

શ્રી ગુર્જર દેશમાં પ્રાકૃતભાષા લખનાર ગ્રંથકારો ઘણાએક થઇ ગયા છે, અને તેઓએ અનેક વિષયોના ગ્રંથ પોતાના વખતોને અર્થે રચ્યા; અને આજ પણ ગ્રંથકારો રચે છે. એ ભાષા ક્યારથી ઉત્પન્ન થઇ એની શોધ હજી પુરેપુરી કોઇને મળી નથી. અને જ્યાંસુધી એ વાતનો નિર્ણય થઇ શકી નથી ત્યાં સુધી વાંચનારોની આગળ મારો વિચાર પ્રગટ કરવો તે મિથ્યા માનુંછું; એ કામ કોઇ બીજાજ પ્રસંગે કરશું એવી આશા છે.

મુખ્ય કાવ્ય શાસ્ત્ર સંબંધી ગ્રંથો ગુજરાતી ભાષામાં લખાયા નહિ હશે એમ તો કેમ કહેવાય, પરંતુ એટલું તો ખરૂં કે ગુજરાતના ઘણાએક ભાગમાં સાહિત્ય ઓછું થયું છે, અને હજી પણ એ વિષયના ગ્રંથને અર્થે સંસ્કૃતભાષાના અલંકારાદિક કાવ્ય શાસ્ત્ર સંબંધી જે જે રીતના જુદાજ ગ્રંથો થાય છે; તે આજ સુધી મારા જોવામાં કે વાંચવામાં આવ્યા નથી માત્ર હાલ ગ્રંથકાર પંક્તીમાં નામ ધરાવતા અમદાવાદના કવિ દલપતરામ ડાહ્યાભાઇ, તથા સુરતના કવિ નર્મદાશંકર લાલશંકર, એ બે ગૃહસ્થોના તરફથી પ્રથમ પિંગળ રચાઇ બહાર પડ્યાં ને નર્મદાશંકરે રસ પ્રવેશ, અને અલંકાર પ્રવેશ એ બે નાના ગ્રંથોને જન્મ આપ્યો. તેમાં અલંકાર માત્ર ચાલીશ પચાસેક ને આપ્યા છે; એ ગ્રંથોથી કહેવા લાયક પ્રયત્ન થયો છે તે તો પ્રસિદ્ધ છે. ખાસ પંડિત નથુરામ સુન્દરજીએ મેઘદૂતકાવ્યનું ભાષાંતર કરી શાળાપત્ર ચોપાનીયામાં ૧૮૬૬ ૧૮૬૭ અંકોમાં પ્રગટ કર્યું. પણ તે કેવળ આશાછે કે, એઓની જે અગાધ શક્તિથી આ મહાકવિના મહાકાવ્યનું ભાષાંતર થએલું છે, તે તો એક પુસ્તક રૂપે છપાય તો આપણા ગુર્જર બંધુઓ એ મહાકાવ્યને વાંચવાનો લાભ લે, તેમજ એથી હાલના ગ્રંથકારોના પણ ઉમંગમાં વધારો કરી કાવ્યશક્તિ જેવાં વધારે ઉત્તેજન મળે. આ એટલુંજ નહીં પણ ગુજરાતી ભાષામાં કાવ્ય પુસ્તક

હવે થવા માંડયાં, અને આવા કવિતાઇને પ્રાપ્ત થઇ, એમ પ્રાંતમાં અને પરપ્રાંતમાં મનાયા વિના રહેશેનહી.

ઉપર બતાવેલાં ઘણાં ઘણાં કારણોસર વિચાર કરતાં અલંકાર શાસ્ત્ર જાણવાને આપણી ભાષામાં એકે ગ્રંથ સંપૂર્ણતા પામેલો નથી એમ જાણી, આ ભાષાભૂષણનું ભાષાંતર કરવાને મારૂં મન પ્રેરાયું.

મૂળ સંસ્કૃત ભાષામાં શ્રી જયદેવ ચક્રવર્તી કૃત ચંદ્રાલોક નામનો ગ્રંથછે તે ઉપરથી મરૂદેશ કહેતાં મારવાડના રાજાધિરાજ શ્રી જસવંતસિંહજીએ, પોતાની પ્રાકૃતભાષામાં ભાષાભૂષણ નામનો ગ્રંથ રચ્યો; એ શિવાય બીજા એમના રચેલા ગ્રંથ કેટલા હશે તેનું તો પ્રમાણ નથી પરંતુ એમના રચેલા ગ્રંથો ભાષાભૂષણ શિવાય આનંદવિલાસ, અપરોક્ષસિદ્ધાંત, અને અનુભવપ્રકાશ એ ત્રણ ગ્રંથ મારી પાસેછે, તે ઉપરથી એઓના અગાધ શક્તિ વપરાયેલી જોવામાં વાંચનારને આવ્યા વિના રહેતી નથી; આજ એકેજ રાજા થોડાજ હશે કે જેઓને આ છંદ લાગ્યો હોય. એ ભાષાભૂષણમાં પ્રથમ પ્રકરણમાં રસનું વર્ણન કર્યુંછે તે છોડી દીધુંછે, કેમકે તે વિષેનો જૂદોજ ગ્રંથ રચવાનો મારો વિચાર છે, જેથી આ પ્રસંગે માત્ર અલંકારનુંજ ભાષાન્તર કરવું એવું મ્હારા મનમાં આવ્યું. મુળચંદ્રાલોક તેમજ એ ભાષાભૂષણ તથા ચંદ્રાલોક ઉપરથીજ એક સંસ્કૃતમાં બીજો કુવલયાનન્દ નામનો ગ્રંથ જેમાં ઉદાહરણ ઘણાં ઘણાં આપ્યાં છે તે પણ ભાષાન્તર કરતી વખતે પાઠ જોવા શામેલ રાખ્યો હતો અને ઘણીજ સંભાળથી એ ગ્રંથનું ભાષાન્તર કર્યું છે. એ હેતુ પાર પાડવાને મ્હારા પરમપ્રિયમિત્ર મોરબીના રહેનાર કવિ હીરાચંદ તેણે ગુજરાતીમાં ટીકા કરીને એ ગ્રંથ છપાવ્યો હતો, પણ તે કવિતારૂપ આપણી ભાષામાં નહિં હોવાથી હિંદીભાષામાં જેઓ સમજે નહિં તેઓને રસ પડતો ન્હોતો, આ સઘળી કચાશ દૂર કરવાને અર્થે, ગુજરાતીમાં કવિતા અને કાવ્યનો

મુખતે ઉપમેય (વર્ણ્યવિષય).

(બીજુ ઉદાહરણ.) કમળના જેવા કોમળ હાથ છે; કમળ એ ઉપમા; જેવું એ વાચક; કોમળ એ ધર્મ; હાથ એ ઉપમેય. આ રીતે ચાર પદાર્થ આવે તો પૂર્ણોપમાલંકાર થાય.

લુપ્તોપમાલંકાર.

વાચક ધર્મ વર્ણ્યવિષય, ને ચોથું ઉપમાન;
એક બેય કે ત્રણ વિના, લુપ્તોપમા તું માન. ૮
ચપળા સમ પંકજ મુખી, કનકલતા સ્ત્રી લેખ;
વનિતા રસ શૃંગારની, કારણ મૂર્તી પેખ. ૯

અર્થ.

(૧) વાચક, (૨) ધર્મ, (૩) વર્ણ્યવિષય, (૪) ઉપમાન; એ ચાર મળે ત્યારે પૂર્ણોપમા થાય; જેમાં એક બે કે ત્રણમાંથી હરેકવિના વર્ણન કરી ઉપમા કહીયે તો તે લુપ્તોપમા જાણવી (ઉદાહરણ.) વિજળી જેવી જેમાં વિજળી એ ઉપમાન, જેવી એ વાચક, એમ બે પ્રકાર કહ્યા; અને ઉપમેય ને ધર્મ નથી તેથી હીનોપમા થઈ. વળી કમળ મુખી, જેમાં કમળ એ ઉપમાન, ને મુખી તે ઉપમેય; એ બે બોલવાથી વાચક અને ધર્મ થકી હીન લુપ્તોપમા થઈ. વળી આ સ્ત્રીને કનકલતા લેખો, જેમાં કનકલતા એ ઉપમાન, ને સ્ત્રી તે ઉપમેય, ને લેખો એ વાચક; એથી ધર્મ હીન લુપ્તોપમા થઈ. વળી શૃંગારરસની સ્ત્રી કારણ મૂર્તિ ધારણો જેમાં શૃંગાર રસની સ્ત્રી એ ઉપમેય, કારણ મૂર્તિ એ ઉપમા એથી વાચક ધર્મ હીન લુપ્તોપમા થઈ.

અનન્વયાલંકાર.

ઉપમેયથી ઉપમાન જ્યાં, કહે અનન્વય નેક;
ત્હારા મુખની જોડનું, ત્હારુંજ મુખડું એક. ૧૦

અર્થ.

ઉપમેય જ્યારે ઉપમા થાય, ત્યારે અનન્વયા લંકાર થાય;

સાથી કે તેનો અન્વય એટલે કે બીજા સાથે સમ્બન્ધ તે થતો નથી. (ઉદાહરણ) હ્વારા મ્હોટાની બીજાનું બ્રાહ્મણ મ્હોટું છે.

ઉપમાનોપમેયાલંકાર.

ઉપમા આપિ પરસ્પરે, તે ઉપમાનુપમેય;
ખંજન છે તવ નેણ શાં, દૃગ તવ ખંજન જેમ. ૧૧

અર્થ.

જ્યહાં પરસ્પર ઉપમાનને ને ઉપમેયને ઉપમા લાગે તે ઉપમાનોપમેયાલંકાર કહેવાય. (ઉદાહરણ) ત્હારી આંખો જેહવાં ખંજન પક્ષી છે, ને ત્હારી આંખો ખંજન પક્ષી જેહવી છે.

પ્રતિપાલંકાર.

(૧) તે પ્રતીપ ઉપમેયને, કરિયે જ્યાં ઉપમાન;
લોચન સમ અમ્બુજ બન્યાં, મુખ સમ ચંદ્ર તું માન. ૧૨

અર્થ.

ઉપમેયને જ્યહારે ઉપમાન કરિયે ત્યહારે પ્રતિપાલંકાર થાય. (ઉદાહરણ) ત્હારી આંખો જેહવાં કમળ બન્યાં છે, ને ત્હારા મુખડા જેહવો ચંદ્રમા માનું છઉં એમ કહેતાં પ્રતિપ એટલે ઉલટો અલંકાર થયો; કેમકે આંખને કમળની ને મુખને ચંદ્રની ઉપમા આપવી જોઇએ. તેને બદલે આતો ઉલટી ઉપમા અપાઇ.

(૨) ઉપમાનહિ ઉપમેયથી, આદર જ્યાં નવ હોય;
ગર્વ કરે શિદ મુખ તણો, ચંદ્ર બાપ તું જોય. ૧૩

અર્થ.

ઉપમેયનો જ્યહારે ઉપમાનથી આદર નહિ થાય ત્યહારે પણ પ્રતિપાલંકાર કહેવાય. (ઉદાહરણ) આ ચંદ્રમા સામું જોઇને તું મુખનો ગર્વ શાને કરે છે! આ સ્થળે ઉપમાથી ઉપમેયનો આદર થયો નહિ તેથી એ બીજી જાતનો પ્રતિપાલંકાર થયો.

(૩) અનઆદર ઉપમેયથી, જ્યાં પામે ઉપમાન;
નિરખ્યું નયન કટાક્ષથી, મંદ કમળનાં માન. ૧૪

दलपत दुर्लभ कृत.

(भाषाभूषण)

मंगलाचरण.

દોહરા.

વિઘન હરણ મંગળ કરણ, ગણપતિ થાવું સહાય;
કરજોડી વિનતી કરૂં, દે મતિ ગ્રંથ રચાય. ૧

અર્થ.

હે ગણપતિ! તમે વિઘ્ન હર્તા અને મંગળ કર્તા છો, તમે મ્હારી સહાય થાઓ; હું હાથ જોડીને વિનતી કરૂં છઉં કે બુદ્ધિના સ્વામી તું છઉં માટે સુમતિ આપજે કે ગ્રંથ રચાય.

જેણે કર્યો પ્રપંચ સૌ, ઇચ્છાએ બહુભાતિ;
તેહ તણું વન્દન કરૂં, હાથજોડિ શિર નામિ. ૨

અર્થ.

પોતાની ઇચ્છાએ કરીને સઘળો પ્રપંચ જેણે કર્યો છે, તેનું વન્દન હું હાથ જોડી, તથા માથું નમાવીને કરૂં છઉં.

જીવજંતુ કરિ પોષે સદા, સકળ સૃષ્ટિના પ્રાણ;
તેહના ઇશ્વરનું હૃદે, રહો રાત દિન ધ્યાન. ૩

અર્થ.

સઘળી સૃષ્ટિના પ્રાણીને જે હમેશ દયાએ કરીને પોષે છે. એવા ઇશ્વરનું રાત દિવસ ધ્યાન રહો.

મુજ મનમાં આવી વસો, એમ કેમ કહેવાય;
એ શક્તિ કાં ન લગાડિયે, આપથું હુંએ થાય. ૪

અર્થ.

હે પ્રભુ! મારા મનમાં આવી વસો, એમ મારાથી તો કેમ

રહેવાય ? માટે હમેશ આ મન આપથીજ કેમ ન બળાઈ મેય.

રાચી મન મતિ રાગમાં, થયું ન કહેરૂ લાલ;
મેં અચરજ ઉજ્વળ બન્યું, તજ્યો મેલ તત્કાળ. ૫

અર્થ.

સંસારના સુખ ઉપર પ્રીતિ રાખનારૂં જે મ્હારૂં મન, તે હે ઇશ્વર ! તમારામાં લાગીને સંસારના કહેરૂ લાલ (ઘણી પ્રીતિ વાળું) ન થયું. આ ઉપરથી પ્રીતિનો રંગ લાલ છે એમ જણાવ્યું, અને એ મ્હને આશ્ચર્ય લાગે છે કે મ્હારૂં મન ઉજ્વળ (સ્વચ્છ) થયું; ને તેજ વખતે લાલ રંગ રૂપી જે મેલ તે તજ્યો; જેટલો રંગ ત્હાં છે તેટલો મેલ ત્હાં છે એમ સમજવું.

પૂર્ણોપમાલંકાર.

જહાં ઉપમેય ઉપમાન વળિ, વાચક ધર્મ સુચ્યાર;
પુરણ ઉપમા હોત ત્હાં, પુર્ણોપમા વિચાર. ૬
એમ સઘળિ મળતાં મળે, તે ઉપમા તું જાણ;
શશિ સમ ઉજ્વળ સ્ત્રી વદન, કમળ સમા મૃદુ પાણ. ૭

અર્થ.

(૧) ઉપમેય એટલે જે વસ્તુને બીજા સાથે સરખાવિયે તે; જેહેને કોઈવાર વર્ણનીય પણ કહે છે.

(૨) ઉપમાન એટલે જેહેની સાથે સરખામણ તે વસ્તુ; જેહેને કોઈ વેળા ઉપમા પણ કહે છે.

(૩) વાચક એટલે સમાનતા બતાવનારો શબ્દ.

(૪) ધર્મ એટલે બંનેમાં સમાન રહેલો ગુણ આ ચારે સમજવું. પ્રથમ મનમાં ખૂબ ધ્યાન દેવવું.

ઉદાહરણ. ૧ ચંદ્રમા જેહેવું એનું મુખ છે; જેહેમાં ચંદ્રમા તે ઉપમાન, (ઉપમા) જેહેવું એ વાચક; ઉજ્વું એ ધર્મ;

ગ્રંથ મારે તેના અર્થ સહિત છપાવવાની મરજી હતી. એ ગ્રંથના જુદા જુદા છંદ વાંચવાની મારી મરજી થઈ, પરંતુ તેને સરળ પડે માટે તે વિચાર ફેરવી દોહરા છંદમાંજ આખો ગ્રંથ રચવો પડ્યો. જયદેવ કવિએ જેમ એક છંદમાં પૂર્વાર્ધ આપ્યા અને ઉત્તરાર્ધ ઉદાહરણ, તેમ જસવંતસિંહે પણ એકજ દોહરામાં રાખ્યાં છે અને તે મુજબ મેં પણ તેમજ કાયમ રાખ્યું એથી ગ્રંથની શોભામાં વધારો થયો છે. એ ગ્રંથ બનાવતાં અને છપાવતાં જે શ્રમ થયો છે તે એ કામના અનુભવ શિવાય બીજા શી રીતે જાણી શકે? વળી એ ગ્રંથની સાથે બીજા વિષય છપાવ્યા છે તે વિષે બે બોલ લખવા ચાહું છઉં.

આજ કાલ દેશી કારીગિરીને ઉત્તેજન આપવું એ બાબત અગત્યની છે તે એક મુશ્કેલ છે એમ હું માનું છઉં, અને મારા મિત્રોએ એ બાબત ઉપર અત્રે સહુ એક લખાણ પણ કર્યું છે; તેમ મેં પણ એક કવિતામાં લખાણ કરેલું જેહેનું નામ સંપચરિત્ર, તે પણ આ સાથે છપાવ્યું છે. તેમ-જ બીજો પ્રતાપદર્શન નામનો એક ન્હાનો ગ્રંથ નરેશ સાહેબ ઉપર મુખ્યત્વે રચેલો તે પણ મારા ગુર્જરભાષાના વાંચનારની આગળ મુકવાની આ શુભ તક મળી આવ્યું. એ વિના એ ગ્રંથની પાછળ આપણા ઉપર રાજ્ય કરતા મહારાણી કૈસરે-હિંદ થયાં તે દિવસના ઉત્સાહને લગતી રાજ્યતવારીખ નામની કવિતા અને તેનો અંગ્રેજી ભાષામાં તરજુમો વકીલ દલપતરામભાઈ સુત મુમુક્ષુ અભિરામ લિખિત જે કે મારા પરમ મિત્ર છે તેઓની પાસે કરાવી તે પણ દાખલ કર્યો છે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અર્થ.

ઉપમેયથી ઉપમા અનાદર પામે ત્યારે પણ પ્રતિપાલંકાર થાય. (ઉદાહરણ) કટાક્ષ કરીને તીખાં જોયાં જે નેત્ર, તેના આગળ કામદેવનાં બે તુ બાણ મન્દાં છે. આ સ્થળે ઉપમાનો અનાદર થયો તેથી એ બીજી જાતનો પ્રતિપાલંકાર થયો.

(૪) ઉપમેને ઉપમાન જ્યમ, સમતા લાયક ન્હોય;
અતિ ઉત્તમ દૃગ મીનથી, કહિયે કહોને સોય. ૧૫

અર્થ.

ઉપમેયને જ્યારે ઉપમા સમતાલાયક ન હોય ત્યારે પણ પ્રતિપાલંકાર થાય. (ઉદાહરણ) માછલાંથી આંખો અતિશે ઉત્તમ છે તું કોને કહિયે? એટલે ઉપમેયને લાયક ઉપમા કોઈ નહિં તેથી ચોથી જાતનો પ્રતિપાલંકાર થયો.

(૫) વ્યર્થ હોય ઉપમાન જ્યમ, વર્ણનીય લખિ સાર;
દૃગ આગળ મૃગ નયન તો, કાંઈ નથી પ્રિયકાર. ૧૬

અર્થ.

ઉપમેયનો સાર જાણતાં જો ઉપમા વ્યર્થ થઈ જાય તો તે પણ પ્રતિપાલંકાર કહેવાય. (ઉદાહરણ) આંખ આગળ આ હરણની આંખો કાંઈ પ્રિય કરતા નથી. આ ઠેકાણે ઉપમેયથી ઉપમા વ્યર્થ થઈ ગઈ, તેથી એ પાંચમી જાતનો પ્રતિપાલંકાર થયો.

રૂપકાલંકાર.

છે રૂપક બે જાતિના, તદ્રુપ તથા અભેદ;
અધિક ન્યૂન સમ ત્રિહુનો, જોતાં ખટ ખટ ભેદ. ૧૭

અર્થ.

રૂપકાલંકાર બે જાતનો થાય છે. (૧) તદ્રુપ, (૨) અભેદ, એ બેમાં પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ છે; ને તેથીજ એના છ ભેદ ગણાય છે.

(૧) મુખ શશિ આ શશિથી અધિક, નિશ દિન ઝળહળ થાય;

અર્થ.

આ મુખ ચંદ્રમા આકાશના ચંદ્રમાથી અધિક છે; કેમકે ચંદ્રમા તો રાત્રિએજ પ્રકાશે છે, ને આ મુખનો પ્રકાશ તો રાત અને દિવસ બે વેળા શોભેછે. આ કારણે ચંદ્રમાથી અધિક શોભાવાળું મુખ કહ્યું. એ એક અધિકતદ્રૂપકાલંકાર થયો.

(૨) સાગરથી ઉપજી ન પણ, કમળા દુજી સુહાય. ૧૮

અર્થ.

આ સમુદ્રથી તો નથી ઉપજી પણ બીજી લક્ષ્મી શોભે છે. સાક્ષાત લક્ષ્મી તો ખરી નહિ. તેથી એ ન્યૂનતા (ઓછાશ) થી ન્યૂનતદ્રૂપકાલંકાર બીજી જાતનો થયો.

(૩) નેન કમળ આ એન છે, આવર કમળનું શું કામ;

અર્થ.

આ નેત્ર કમળ તે સારાં છે; બીજા કમળ શા કામના! એ કારણે સમતદ્રૂપકાલંકાર ત્રીજી જાતનો થયો.

(૪) ગમન કરતિ લાગે મિઠી, કનકલતા રુચિ વાન. ૧૯

અર્થ.

આ કનકલતા (સોનાની વેલ) જે સ્ત્રી તે ચાલેછે ત્યારે મીઠી લાગેછે. આ કારણે કનકલતાના ને સ્ત્રીમાં અભેદ એ-ટલે સરખાઈ દેખાય, ને ચાલેછે એટલી અધિકતા દેખાય; કેમકે લતા ચાલતી નથી ને સ્ત્રી ચાલેછે તેથી અભેદાધિકરૂપ-કાલંકાર ચોથી જાતનો થયો.

(૫) અતિ શોભિત બિંબ અધર, નહિં સમુદ્ર ઉત્પન્ન;

અર્થ.

હોઠ પરવાળાં અતિશય શોભેછે; પણ સમુદ્રમાંથી ઉપન્યાં નથી. આ કારણે હોઠને પરવાળાં કહ્યાં, તેથી કાંઈ ભેદ જ-ણાયો નહિ, પણ સમુદ્રમાંથી ઉપન્યા નથી એટલી ઓછાઈ થઈ તેથી અભેદન્યૂનરૂપકાલંકાર પાંચમી જાતનો થયો.

(૬) તવ મુખ પંકજ વિમળ અતિ, સરસ સુવાસ પ્રસન્ન ૨૦

અર્થ.

કહે છે કે મુખકમળ તે અતિશય નિર્મળછે; ને વળી રસથી, સુગંધથી, અને પ્રસન્નતાથી યુક્તછે. આ ઠેકાણે કમળને મુખની સરખાઈ થઇ, ને કમળમાં રસ, સુગંધ ને પ્રફુલિત પણુંછે તેમ સ્ત્રીમાં પણછે; કેમકે તેજ મુખકમળમાં બધા ભાવ આવી ગયા, ને ગુણથી સમાન થયું, માટે એ અભેદ-સમરૂપકાલંકાર છઠ્ઠી જાતનો થયો.

પરિણામાલંકાર.

કરે ક્રિયા ઉપમાનથી, વર્ણનીય પરિણામ;
કોમળ કંજ વિશાળથી, દેખતિ દેખો વામ. ૨૧

અર્થ.

ઉપમાનથી ઉપમેય પરિણામ પામીને ક્રિયા કરે, તે પરિણામાલંકાર કહેવાય. (ઉદાહરણ) કમળથી મ્હોટી આંખ વાળી દેખતી સ્ત્રીને જુઓ. આ સ્થળે કમળ એ ઉપમાન, તેથી પણ ઉપમેય જે આંખ, તે ઉપમાનનો પરિણામ પામીને વળી ક્રીયા કરી છે; એટલે દેખે છે, તેથી પરિણામાલંકાર થયો.

ઉલ્લેખાલંકાર.

તે ઉલ્લેખજ એકને, બહુ સમજે બહુ રીત;
યાચક સુરતરુ સ્ત્રી મદન, અરિને કાળ પ્રતીત. ૨૨.
બહુ વિધિ વરણે એકને, બહુ ગુણથી ઉલ્લેખ;
કિર્તી અરજુન તેજ રવિ, સુર ગુરૂ વચન વિશેષ. ૨૩

અર્થ.

એક વસ્તુને અનેક માણસ અનેક રીતે સમજે તે બહુ ઉલ્લેખાલંકાર કહેવાય. (ઉદાહરણ.) એક પુરૂષ યાચકને કલ્પવૃક્ષ સરખો, સ્ત્રીને કામદેવ સરખો, અને શત્રુને કાળ સરખો દેખાય છે; એ એક રીતનો બહુઉલ્લેખાલંકાર થયો. બીજે એક વસ્તુમાં અનેક પ્રકારના ગુણ રહ્યા હોય, તે પણ ઉલ્લેખા-

લંકાર કહેવાય. (ઉદાહરણ) એક પુરૂષના વિષે અર્જુનના જેહવી. તેજ સૂર્યના જેહવું. અને વચન બૃહસ્પતિના જેહવું છે; એ રીતે એકમાં અનેક ગુણ કહેવાયછે, ત્યારે ઉલ્લેખાલંકાર જાણવો.

સ્મરણભ્રમસંદેહાલંકાર.

સ્મરણ ભ્રમ સંદેહ એ, લક્ષણ નામ પ્રકાશ;
સુધ આવે તે વદનની, દેખી સુધાનિવાસ. ૨૪
વદન સુધાનિધિ જાણિને, તવ સંગ ફરે ચકોર;
શંક વદન કે ચંદ્રમા, કમળ ખિલ્યું શું ભોર. ૨૫

અર્થ.

સ્મરણ, ભ્રમ, અને સંદેહ એ ત્રણ થકી એક વસ્તુને સાથે ભિન્ન પદાર્થનું ભાન થાય ત્યહારે ત્રણ અલંકાર કહેવાય. (ઉદાહરણ) આ સુધાનિવાસ તે અમૃતનું સ્થાન, એટલે ચંદ્રમા તેને દેખીને તે મુખની સુધ આવે છે માટે આ સ્મરણાલંકાર થયો; અને આ તારા મુખને ચંદ્રમા જાણીને, સાથેને સાથે ચકોર ફરે છે એમ થતા એ ભ્રમાલંકાર થયો; ને આતે મોહડું કે ચંદ્રમા, કહવારે કમળ ફુલ્યુંછે કે શું! આ થકી સંદેહાલંકાર થયો; સ્મરણ તે યાદ, ભ્રમ તે ભ્રાન્તી, ને સંદેહ તે કાંઈ નિશ્ચય થાય નહિ તે.

શુદ્ધાપન્હુત્યલંકાર.

ધર્મ ગુપ્ત આરોપથી, શુદ્ધાપન્હુત્ય નિધાન;
ઉરપર નથી ઉરોજ આ, કનકલતા ફળ માન. ૨૬

અર્થ.

એક વસ્તુ ઉપર બીજી વસ્તુનો ગુણ આરોપીને તેહનો જે ભાવ તે છુપાવી રાખવો તેહેનું નામ શુદ્ધાપન્હુત્યલંકાર. (ઉદાહરણ) છાતી ઉપર આ કાંઈ કુચ (સ્તન) નથી આતો કનકલતાના ફળ માની લો; કનકલતા તે સોનાની વેલ; તેહેની ઉપમા સ્ત્રીને

દેખાયછે, એટલે વેલમાં ફુલ પણ લાગેછે, તે ફણછે ને ફુલ નથી, એમ કહેતાં ફુલનો ભાવ છુપી ગયો.

હેત્વાપન્હુત્યલંકાર.

વસ્તુ છુપાવે યુક્તિથી, હેતુ અપન્હુતિ હોય;
તિગ્મ ચંદ્ર એ રૈન રવિ, વડવા નળ એ સોય. ૨૭

અર્થ

કોઈ યુક્તિ કરીને વસ્તુને સંતાડે ત્યહારે હેત્વાપન્હુત્યલંકાર થાય. (ઉદાહરણ) રાત્રિયે પૂર્ણ ચંદ્રમાને જોઇને કહેછે કે, આ હો! આ આકરું તેજછે, માટે ચંદ્રમાતો નહિજ, અને રાત્રી એટલે સૂર્ય પણ નહિજ, મારતે આ તો વડવાનળ અગ્નીજ છે.

પર્યસ્તાપન્હુત્યલંકાર.

પર્યસ્ત ગુણ એકનો, અવર વિષે આરોપ;
હોય સુધાધર એ નહીં, વદન સુધાધર ઓપ. ૨૮

અર્થ

એકના ગુણનું ભાન બીજા પદાર્થ ઉપર લાવીને નાખવું, તેનું નામ પર્યસ્તાપન્હુત્યલંકાર. (ઉદાહરણ.) એક સ્ત્રીનું મુખ દેખીને કહેછે કે આ કોઈ ચંદ્રમા નથી, આતો મુખચંદ્રમાની શોભાછે.

ભ્રાંત્યાપન્હુત્યલંકાર.

ભ્રાંતિ અપન્હુતિ વચનથી, ભ્રમ જ્યાં પરનો જાય;
તાપ કંપ આ જ્વર નહીં, સખિ એ મદન બલાય. ૨૯

અર્થ

વચન કહ્યાથી જ્યહારે પારકો ભ્રમ જાય ત્યહારે તેહો ભ્રાંત્યાપન્હુત્યલંકાર થાય. (ઉદાહરણ.) એક સ્ત્રીને અંગમાં કામદેવથી સંતાપ થઈ આવ્યો તેહેને સખીયે પુછ્યું કે, કેમ તાવ આવ્યો કે? ત્યહારે તે સ્ત્રી બોલી કે અંગ તપેછે, અને કંપેછે, પણ તાવ નથી; એતો કામદેવ સંતાપેછે.

છેકાપન્હુત્યલંકાર.

છેકાપન્હુતિ યુક્તિ કરિ, પરથિ છુપાવે વાત;
કેરે અધરક્ષત પિઉ નહીં, સખી શીત ઋતુ વાત. ૩૦

અર્થ.

કાંઇક યુક્તિ કરીને બીજાથી પોતાની વાત છુપાવી રાખવી તેનું નામ છેકાપન્હુત્યલંકાર. (ઉદાહરણ.) સખી સખીને કહેછે કે આ મ્હારા હોઠ ઉપર જે રાતા ડાઘ દેખાવછે, તે કાંઇ પતિના દાંતના નથી; એતો આ શીયાળાની હવાએ કરીને ફાટ્યાછે.

કૈતવાપન્હુત્યલંકાર.

કૈતવપન્હુતિ એકને, મેસ બિજાનું વખાણ;
સ્ત્રીનાં તિક્ષ્ણ કટાક્ષ મિસ, વર્ષે મન્મથ બાણ. ૩૧

અર્થ.

એકનો મસ કહાડીને બીજાનું વરણન કરવું. તેનું નામ કૈતવાપન્હુત્યલંકાર. (ઉદાહરણ.) નાયક કહેછે કે તીખાં એહવાં જે સ્ત્રીનાં કટાક્ષ તેનો મસ કરીને કામદેવ આ બાણોનો વરસાત કરેછે.

ઉત્પ્રેક્ષાલંકાર.

ઉત્પ્રેક્ષા સંભાવના, વસ્તુ હેતુ ફળ લેખ;
શકે નયન અરવિંદ છે, સરસ વિશાળ વિશેષ. ૩૨
કઠિણ આંગણું ચાલતાં, થયા શું રાતા પાય;
કમળ શું તવ પદ સમ થવા, જળને સેવે ત્હાંય. ૩૩

અર્થ.

એક વસ્તુની સંભાવના કરવી તેનું નામ ઉત્પ્રેક્ષાલંકાર, ત્હેના ત્રણ ભેદછે; એકતો વસ્તૂત્પ્રેક્ષા, બીજી હેતૂત્પ્રેક્ષા, ને ત્રીજી ફળોત્પ્રેક્ષા. (ઉદાહરણ.) આ નેત્રજ જાણે કમળછે, કેમકે સરસછે, અને મ્હોટાઇ પણ ઘણીછે; આ વસ્તૂત્પ્રે-

ક્ષાલંકાર થયો. આહાંમાં કમળ જે વસ્તુ છે તેહેની ઉત્પ્રેક્ષા થઇ. બીજું જાણે આ કઠિણ આંગણામાં ચાલ્યા તેથી રાતા પગ થયાછે. આ હેતૂત્પ્રેક્ષાલંકાર થયો. આંગણું આદી એ હેતુથી ઉત્પ્રેક્ષા થઇ. ત્રીજો આ કમળ જે એક ચિત્તથી જળમાં રહેછે, તે ત્હારા પગની બરાબર થવા સારૂ જાણે તપશ્ચર્યા કરેછે; આ ફળોત્પ્રેક્ષાલંકાર થયો. પગની બરાબર કમળને થાવુંછે; એ ફળોત્પ્રેક્ષા થઇ.

રૂપકાતિશયોક્ત્યલંકાર.

અતિયુક્તી રૂપક જહાં, લઇ કેવળ ઉપમાન;
કનકલતા પર ચંદ્રમા, ધર્યાં ધનુશ બે બાણ. ૩૪

અર્થ.

જ્યહાં કેવળ ઉપમાનના નામ લઇ ઘણું રૂપ કહેવું તે રૂપકાતિશયોક્ત્યલંકાર. (ઉદાહરણ.) સોનાની વેલ ઉપર એક ચંદ્રમા, બે ધનુષ, અને બાણો ધર્યાંછે; હવે આતો કેવળ ઉપમાનનાં નામ લીધાં, પણ ઉપમેય, વાચક, કે ધર્મ, એ સમુળગાં આવ્યાં નથી, તેમજ ઉપમેયનો ઉચ્ચાર કર્યા વિના કાંઇ અર્થ સમજાતો નથી, માટે આ ઠેકાણે રૂપકાતિશયોક્તિ થઇ. બીજું ઉદાહરણ એમ સમજવું કે, સોનાની વેલની ઉપમા સ્ત્રીના અંગને દેવાયછે, ચંદ્રમાની ઉપમા સ્ત્રીના મુખને દેવાયછે, ધનુષોની ઉપમા સ્ત્રીના બે ભમરોને દેવાયછે, અને બાણોની ઉપમા સ્ત્રીના કટાક્ષોને દેવાયછે.

સાપન્હવાતિશયોક્ત્યલંકાર.

સાપન્હવ ગુણ એકનો, અવર ઉપર ઠરિ જાય;
સુધા ભર્યું તવ વદન આ, ઘેલા શશિને ગાય. ૩૫

અર્થ.

એકનો ગુણ બીજા ઉપર ઠરી જાય, તે સાપન્હવાતિશયોક્ત્યલંકાર. (ઉદાહરણ.) અમરામૃતે ભર્યું જે ત્હારૂં મુખ, તેહેને મનુષ્ય ચંદ્રમા કહેછે તે ઘેલાછે; કેમકે ચંદ્રમાના ગુણ મુખ

ઉપર કરીએ તે અસંબંધાતિશયોક્તિ, તેનો એક દૃષ્ટાંતનું પ્રયો-
જનછે—

ભેદકાતિશયોક્ત્યલંકાર.

અતિશય યુક્તિ ભેદક બને, જો જણાય અતિ ભેદ;
એહેનું હસવું જોવું જુદું, વાત જુદી નિર્વેદ. ૩૬

અર્થ.

ભેદ પાડીને જે ઘણું દેખાડવું, તે ભેદકાતિશયોક્ત્યલંકાર. (ઉદાહરણ) એહેનું હસવું પણ બીજી તરેહનું, એહેનું જોવું પણ બીજી તરેહનું, અને એહેની વાત પણ બીજીજ તરેહનીછે; એ રીતે અતિ ભેદ જણાવે.

અસંબંધાતિશયોક્ત્યલંકાર.

અસંબંધાતિશયોક્તિ તો, અજોગે કહે જોગ;
આ પુરનાં મંદિર ઉંચાં, કરે ચંદ્ર સંજોગ. ૩૭
અતિશયોક્તિ બીજી કહું, જોગ અજોગ તું માન;
તવ કર આગળ કલ્પતરૂ, કયમ પામે સન્માન. ૩૮

અર્થ.

જ્યાંહાં જોગતા નથી ત્યાંહાં જોગ થાય, ત્યારે તે અજોગજોગ અથવા અસંબંધાતિશયોક્ત્યલંકાર કહેવાય (ઉદાહરણ.) કે જેહો આ નગરનાં મંદિર ચંદ્રમા સુધી ઉંચાં કહેછે; હવે મંદિર ઘણું ઉંચાંછે, પણ ચંદ્રમા સુધી ઉંચાં નથી ને તેમ કહ્યું, એટલે અજોગનો જોગ થયો નહિં તો કહેછે; એ રીતે અસંબંધ અતિશયોક્તિની બીજી પંક્તિ જાણવી. તેહેનો પ્રયોગ કરેછે. (ઉદાહરણ.) તમારી હાથની આગળ કલ્પવૃક્ષ શું સન્માન પામે. અર્થાત્ નજ પામે એમ કહ્યું તેથી કલ્પવૃક્ષનાં માનનો જોગ છતાં અજોગ ઠરે તેહેને અજોગ કહેછે માટે એ જોગાજોગ અથવા અસંબંધાતિશયોક્ત્યલંકાર થયો.

અક્રમાતિશયોક્ત્યલંકાર.

અતિશયોક્તિ અક્રમ ત્યહ, કારણ કારજ સંગ;
તવ શર આવ્યા વાંતમાં, લાગ્યું ધનુષ અરિ અંગ. ૩૯

અર્થ.

એક પછી બીજું એમ ક્રમ છે, તે ક્રમનો ભંગ થાય, તે અક્રમાતિશયોક્ત્યલંકાર. (ઉદાહરણ.) હારાં બાણ શત્રુને લાગતા વાંતજ ધનુષ પણ લાગેછે; હવે જુઓ જોતાં બાણ આગે ત્યાર પછીજ ધનુષ લાગે; તેમ છતાં બાણ લાગતાંવાંતજ ધનુષ લાગ્યું, એમ કહ્યાથી ક્રમ રહ્યો નહિ.

ચપળાતિશયોક્ત્યલંકાર.

ચપળાતીશય હેતુથી, હોય શિઘ્ર જો કાજ;
કંકણ તો થૈ મુદ્રિકા, પિઉનું ગવન સુણિ આજ. ૪૦

અર્થ.

ચપળતા ને જે અતિશયપણું કહેવું, ત્હેનું નામ ચપળાતિશયોક્ત્યલંકાર (ઉદાહરણ.) આજ ધણીનું પરદેશથી આવવું સાંભળતાં એનું અંગ ફુલ્યું અને હાથમાં કંકણ પ્હેરવા માંડી, તે ન આવતાં આંગળીની વીંટી થઇ રહિ; અર્થાત ઉતાવળમાં આંગળીયે નાખીદીધી. ઉતાવળને ચપળતા કહે છે. ને તેહેનું ઘણું પણું તે અતીશય કહેવાયછે.

અત્યંતાતિશયોક્ત્યલંકાર.

અત્યંતાતિશયોક્તિથી, પુર્વા પર ક્રમ હીન;
બાણ ન પ્હોંચે અંગલગિ, પડે પ્રથમ અરિ દીન. ૪૧

અર્થ.

આગળ પાછળ જે વાતનો ક્રમ ન ભણે, ત્હેને અત્યંતાતિશયોક્ત્યલંકાર કહિયે. (ઉદાહરણ.) અંગસુધી બાણ પ્હોંચતા નથી, તે પ્હેલાંજ શત્રુ શ્યામળો થઈ નીચો ઢળી જાયછે; હવે આં અત્યંતજ અતિશયોક્તિ થઇ; જે કે બાણ વાગ્યા વિના શત્રુ ઢળી પડે છે.

તુલ્યયોગિતાલંકાર.

તુલ્યયોગિતા ત્રિવિધમાં, લક્ષણ ક્રમથી માન;
એક શબ્દમાં હિત અહિત, એકજ બહુ સમાન. ૪૨
ગુણે કરી સમતા સરસ, એ રિત સર્વ પ્રકાર;
સારિ રિત ગુણનિધિ નિરખ, સ્ત્રીના ઉરનો હાર. ૪૩
નિરખિ નવોઢા વદન દ્યુતિ, બન્ધ થયાં અરવિન્દ;
તુંતો શ્રી નિધિ, ધર્મ નિધિ, તુંજ ઇન્દ્ર ને ચંદ. ૪૪

અર્થ.

સરખી યોગ્યતાનું નામ તુલ્ય યોગિતા; આ અલંકારના ત્રણ પ્રકાર છે, એક તો હિતતુલ્યયોગિતા, બીજો અહિતતુલ્યયોગિતા, ત્રીજો બહુતુલ્યયોગિતા. (ઉદાહરણ.) ગુણનિધિ કહેવા કે નાયક તે તું સારીરીતે જો, કે જે સ્ત્રીના હૈયાનો હાર છે; એ રીત સ્ત્રીના હિતનો કર્તા તેથી હિતતુલ્યયોગિતાલંકાર થયો. બીજો નવિન સ્ત્રીના મુખચંદ્ર પોતે દેખીને કમળ બિડાઇ ગયાં; એટલે ચંદ્ર ઉદય થવાથી કમળ બિડાઇજાય એવો સ્વભાવ છે. હવે સ્ત્રીના મુખથી ઘણા કમળોનું જે અહિત થયું, તેથી આ અહિતતુલ્યયોગિતાલંકાર થયો. ત્રીજો લક્ષ્મીનો ભન્ડાર તુંજ છે અને ધનનો ભન્ડાર પણ તુંજ છે, વળી તુંજ ઇન્દ્ર છે ને તુંજ ચંદ્ર છે; એ રીતે એક પુરૂષ ઘણા પુરૂષ યોગ્ય કરે, ત્યારે તે બહુતુલ્યયોગિતાલંકાર એમ જાણવું.

દીપકાલંકાર.

તે દીપક નિજ ગુણથકી, અવરનું વરણન હોય;
ગજ મદથી નૃપ તેજથી, ઠાઠમાઠમાં સોય. ૪૫

અર્થ.

એકના ગુણને કાજે બીજાના ગુણની બરાબર વરણન કરે ત્યારે દીપકાલંકાર કહેવાય. (ઉદાહરણ.) હસ્તી મદથી અને

રાજા તેજથી બનીને શોભા બહેછે; હવે ....ની .... કહીને રાજાની શોભા કહી, તેથી રાજાના ગુણને દીપ...

દીપકાવૃત્ત્યલંકાર.

દીપક આવૃતિ ત્રણ વિધી, પહેલી શબ્દનિ જાણ;
વળિ આવૃતિ જે અર્થની, તેહને બીજિ પ્રમાણ. ૪૬
શબ્દ અર્થ બન્યો તણી, આવૃતિ ત્રીજી લેખ;
ઘન વર્ષે કેરેસખી, જામિનિ વર્ષે દેખ. ૪૭
ફૂલ્યાં વૃક્ષ કદમ્બના, કેતકિ વિકસિ જણાય;
મત્ત થયાછે મોર વળિ, ચાતક મત્ત ભણાય. ૪૮

અર્થ

આવૃતિયે કરીને વસ્તુનું ઉદ્દીપન થાય તે દીપકાવૃત્ત્યલંકાર આવૃતિ એટલે બીજી વાર, અને ઉદ્દીપન એટલે શોભાવનાર, આ અલંકારના ત્રણ પ્રકાર છે. શબ્દની આવૃતિ થાય તે પહેલો, અને અર્થની આવૃતિ થાય તે બીજો, ને શબ્દની અને અર્થની બન્નેની આવૃતિ થાય તે ત્રીજો. (ઉદાહરણ) વિરહિણી નાયકા સખીને કહેછે કે, આતે મેઘ વર્ષેછે કે રાત્રી વર્ષેછે, એ જાણે: એટલે વર્ષે છે એ બેવાર કહેવાયું તેથી શબ્દાવૃત્તિદીપકાલંકાર થયો. બીજો કદમ્બનાં ઝાડ ફુલ્યાં છે, અને કેવડા ઉઘડ્યાછે, આમ કહેવાથી અર્થની આવૃતિ થઇ; હવે ઉઘડ્યાછે ને ફુલ્યાંછે એહેનો અર્થ એકજ છે. તેથી અર્થાવૃત્તિદીપકાલંકાર થયો. ત્રીજો મોર ઉન્મત્ત થયા છે અને બપૈયા પણ મત્ત થયા છે, તે મેઘની સ્તુતિ કરેછે; અહીંઆં મત્તશબ્દની આવૃતિ થઇ અને અર્થની પણ આવૃતિ થઇ તેથી એ શબ્દાર્થાવૃત્તિદીપકાલંકાર થયો.

પ્રતિવસ્તૂપમાલંકાર.

પ્રતિ વસ્તુપમા કીજિયે, બે વાક્યો સમ આણિ;
શોભા સૂર પ્રતાપ સમ, શોભા સુર સમ વાણિ. ૪૯

અર્થ.

જે વાક્ય સમાન આવે ને અર્થ જુદો થાય તે પ્રતિવસ્તૂપમાલંકાર. (ઉદાહરણ) જેહના પ્રતાપની શોભા સૂર્ય જે સૂર્ય તેના જેહવી થઇ છે, અને જેહની વાણીની શોભા સુર જે દેવ લોક તેના જેહવી છે.

દૃષ્ટાન્તાલંકાર.

અલંકાર દૃષ્ટાન્ત તે, લક્ષણ નામ પ્રમાણ;
કાન્તિમાન શશિ તો થયો, તું પણ કીર્તીમાન. ૫૦

અર્થ.

કાંઇ એક લક્ષણ અને નામનું પ્રમાણ સરખું આવે તો દૃષ્ટાન્તાલંકાર થાય. (ઉદાહરણ) ચન્દ્ર પણ કાન્તિમાન બન્યો છે, અને તું પણ કીર્તિમાન બન્યો છે.

નિદર્શનાલંકાર.

કહિયે ત્રિવિધ નિદર્શના, વાક્ય અર્થ સમ હોય;
એક રીતે વળિ અવર ગુણ, અવર વસ્તુમાં હોય. ૫૧
કહિયે કારણ દેખિ કર્યું, એવો પુરો દૃષ્ટાન્ત;
દાતા સોમ સમ એક પણ, પૂરણ ચન્દ્ર અનાથ. ૫૨
લોચન ખંજનની ક્રિયા, ધરે સહજ અભિરામ;
નિર્મળ પણ તેજસ્વિ સૂર, રિપુ આગળ અમ કામ. ૫૩

અર્થ.

નિદર્શનાલંકાર ત્રણ પ્રકારથી કહેવાય છે; એકતો શબ્દમાં અને અર્થમાં બરાબર આવે તે (ઉદાહરણ) દાતાર તે સોમ જે ચન્દ્રમા જેવો છે; પણ એક તે પાલણ તે વિના પૂનેમના ચંદ્ર જેવો બનાય છે. આમ કહ્યાથી શબ્દ અને અર્થ બન્નેની બરાબરી થઇ, તેથી શબ્દાર્થનિદર્શનાલંકાર થયો. બીજો એક વસ્તુમાં જે બીજો ગુણ છે તે બીજી વસ્તુ માં થાય તે. (ઉદાહરણ) જુઓ આ આંખો સહજ ખંજનની લીલા ધરેછે; એટલે ખંજન પંખીની ચપળતા રૂપી

ગુણ છે તે નેત્રમાં અગ્નિ જણાયો તેથી અનનુગુણ-
દર્શનાલંકાર થયો. ત્રીજો કાંઈક કાર્ય જોઈને ફળની ભલી બૂરી
ભાવ કહિયે તે. (ઉદાહરણ.) તેજસ્વીની સાથે વિરોધનું જે
ફળ તે જેમ મહાદેવ અને કામદેવ; અર્થાત મહાદેવની સાથે
કામદેવ વેર કરીને બળીગયો. તેમ ઈશ્વરની સાથે કામદેવ
વેર કરીને અમર નામપામે, તેથી એ ફળભાવનિદર્શ-
નાલંકાર થયો.

વ્યતિરેકાલંકાર.

વ્યતીરેક ઉપમાનથી, ઉપમેયાધિક પેખ;
મુખકે અમ્બુજ વત સખી, પણ નિંદિ વાત વિશેષ. ૫૪

અર્થ.

ઉપમાનથી ઉપમેયમાં અધિકતા દેખાય ત્યારે વ્યતિરેકા-
લંકાર થાય. (ઉદાહરણ.) હે સખી આ મુખ કમળ જેવું
છે; પણ મોટી વાતો રહિ છે તેથી મુખ વિશેષ છે.

સહોક્ત્યલંકાર.

સાથે સરંજ વર્ણવી, કર સહોક્તિ નું સિદ્ધ;
અરિ કુળ સંગે કીર્તિ તો, જઈ પહોંચી જળ નિદ્ધ. ૫૫

અર્થ.

અનેકનું સાથે વરણન કરતાં રસ વધારે દેખાય, તો સહો-
ક્ત્યલંકાર કહેવાય. (ઉદાહરણ.) શૂરવીરની કીર્તિ શત્રુ જ્યાં કાં,
તે સમુદ્રને કાંઠે પહોંચ્યા તેહેની સાથેજ તહાં પહોંચી; એટલે
પૃથ્વીના છેડા સુધી કીર્તિ પહોંચી. આં અનેકનું સાથે વર-
ણન થયું.

વિનોક્ત્યલંકાર.

કે વિનોક્તિ બે ભાતિની, પ્રસ્તુત વગુ કઈ હીણુ;
વળિ શોભા અધિકી લહે, પ્રસ્તુત કાંઈક હીણુ. ૫૬
દ્રગ ખંજનથી કેવડાં, અંજન વણુ શોભેન;
ભાળા સૌ ગુણ સરસ તન, દેખ લુખાઈ છેન. ૫૭

અર્થ.

કોઈ વસ્તુનું કહેવું હોય તેમાં કાંઈક ઓછું હોય, ને તેથી શોભા પણ ઓછી થતી હોય તે વિનોક્તિહીન કહેવાય અને કાંઈ એકથી શોભા ને પૂર્ણતા આવતી હોય, તે વિનોક્તિપૂર્ણ કહેવાય. એ રીતે વિનોક્તિઅલંકાર બે પ્રકારના છે. (ઉદાહરણ.) અંજન અને કુમકુમ જેવી આંખો, પણ અંજન વીના શોભતી નથી; એ રીતે એ ત્યાં વિનોક્તિહીન અલંકાર થયો. બીજો બાળા સર્વે ગુણે કરીને સરસ આગળના છે તેમાં ત્યારે ભુલાઈ જણાતી નથી; એથી વિનોક્તિપૂર્ણ અલંકાર થયો.

સમાસોક્તિઅલંકાર.

સમાસોક્તિ પ્રસ્તુત સ્ફુરે, અપ્રસ્તુત વરણન માંજ;
કુમુદનિ પણ પ્રફુલિત થઈ, જોનિ કળાનિધિ સાંજ. ૫૮

અર્થ.

જે કહેવાનો વિચાર હોય તેનો અપ્રસ્તુત બીજો વિચાર નીકળી આવે તેનું નામ સમાસોક્તિઅલંકાર. (ઉદાહરણ.) પોયણી પણ પ્રફુલિત થઈ, અને ચંદ્ર પણ જો, સાંજ થઈ છે; એવું દૂતી નાયકાને કહે છે તેમાં સુચના એ છે કે, આ રાત થઈ તેમાં ચંદ્રમા ઉગ્યો છે. ને તે જેમ કુમુદની (પોયણું) પણ ઉઘડી છે, તેમ તું શ્રીકૃષ્ણચંદ્રને જોઈને તેના આનંદથી તારું મુખ પોયણીની પેઠે પ્રફુલિત કર, આમ માન કરીને દુઃખ કાં ભોગવે છે; એ રીતે બહુ વાતનો સમાસ થયો છે.

પરિકરઅલંકાર.

જે પરિકર આશય સહિત, જ્યાં વિશેષણ ત્યાં હોય;
શશિ વદની આ નાયકા, તાપ ટાળતિ શું હોય. ૫૯

અર્થ.

કાંઈ આશય એટલે કાંઈ વિચાર હોય, તે વિશેષ કહ્યાથી

પ્રસંગ થઇ આવે એહવું જે બોલવું તે પરિકરાલંકાર. (ઉદાહરણ.) આ ચંદ્રમુખી નાયકા તાપને હરે છે તે જેમ; અર્થાત ચન્દ્રમા દિવસે થએલા સૂર્યતાપને હરેછે, તેમ આ ચંદ્રમુખી કામદેવના તાપને હરે છે. શશિમુખી તે સ્ત્રીનું વિશેષણ છે.

પરિકરાંકુરાલંકાર.

સાભિપ્રાય વિશેષ્ય જ્યાં, પરિ કર અંકુર નામ;
સૂધું કહેવું પતિતણું, જરા ન માને વામ. ૬૦

અર્થ.

વિશેષ્ય જ્યારે સાભિપ્રાય કહેવાય ત્યારે પરિકરાંકુરાલંકાર થાય. (ઉદાહરણ.) પતિના સૂધા કહ્યાથી પણ વામ જે સ્ત્રી તે જરીયે માનતી નથી. અહીંઆં વામ શબ્દ છે તે વિશેષ્ય છે. ને તેનો અર્થ સ્ત્રી છે, અને બીજો અર્થ વાંકુ એહવો પણ છે; એટલે એહવી તો વાંકી છે કે પતિનું સૂધું કહેવું પણ માનતી નથી, માટે એ વિચાર વિશેષ્યમાંથી નિકળ્યો.

શ્લેષાલંકાર.

શ્લેષાલંકૃત અર્થ બહુ, એક શબ્દમાં હોય;
હોય ન પૂરણ નેહ વણ, જ્યાહન સુખદ કોય. ૬૧

અર્થ.

એક શબ્દમાં અર્થ ઝાઝા આવે તે શ્લેષાલંકાર. (ઉદાહરણ.) નાયકા નાયકને કહેછે કે, [illegible] તેલનો પ્રકાશ જે સુખ લિયે છે, તે પતિના પૂરા સ્નેહ વિના ન થાય; હવે અહીંઆં બીજો અર્થ એછે કે, પુરુષના ઘણા સ્નેહ વિના સ્ત્રીનું સુખ કોઇ દિવસ પ્રગટે નહિ. માટે પુરુષની સાથે ઘણો સ્નેહ છે એ તેમાંથી સમજ નિકળ્યો.

અપ્રસ્તુતપ્રશંસાલંકાર.

અલંકાર બે ભાતિના, અપ્રસ્તુત પ્રશંસ;
વર્ણન એક પ્રસ્તુત વણ, બીજે પ્રસ્તુત અંશ. ૬૨
મન ગમતા આ શાખની, સઘળ સમય સુખકારિ;
કહે નિજ શાખેક પ્રિય, હેત ધરી ચિત ધારિ. ૬૩

અર્થ.

પ્રસ્તુતાલંકાર બે જાતનો થાય છે, તેહેમાં એકતો અભિપ્રાય વિના વરણન કરવું તે. અને બીજે અભિપ્રાય જાણીને વરણન કરવું તે. (ઉદાહરણ.) આ માળની અરેરા ધન્ય છે, કે અથાગ સમયમાં સુખ આપે છે; એવી કાંઈ મહામાં એકતર સમય કહ્યો નહિ, તે થકી આ અપ્રસ્તુતપ્રશંસાલંકાર થયો, કેમકે મહેમાંથી કાંઈ બીજો અભિપ્રાય નીકળ્યો નથી. બીજો શિવરૂપે ઝેર પીને કંઠમાંજ રહેવાદીધું છે, કેમકે પોતે હેરથી ધર્યું છે. તેમાંહે મહામાંથી અભિપ્રાય એ નિકળ્યો જે, ક્ષીરસમુદ્રમાંથી મન્થન કરતાં ઝેર જે નિકળ્યું, તે કેહેને બધી પૃથ્વીના જીવોને મારીનાખત, તેથી જીવોને બચાવવાસારૂ શિવરૂપે પોતે ઝેર પીલીધું. તે જો બહાર નિકળે તો જીવો મરી જાય માટે કંઠમાંજ ધરીરાખ્યું છે એ મ્હોટો અભિપ્રાય નિકળ્યો, તેથી પ્રસ્તુતાંશપ્રશંસાલંકાર થયો.

પ્રસ્તુતાંકુરાલંકાર.

પ્રસ્તુત અંકુર જો પછી, પ્રસ્તુતથી પસ્તાય;
ભ્રમર ગયો કરહાં કેવડે, છાંડિ સકોમળ જાય. ૬૪

અર્થ.

જે કાંઈ સારા વાસ્તે કામ કર્યું હોય, ને તેહેમાં પછી પસ્તાવો થાય. તે પ્રસ્તુતાંકુરાલંકાર. (ઉદાહરણ.) મઝાની કોમળ જાઇમાં ભમરો ફરતોહતો, તે જાઇ મુકીને કેવડામાં ગયો, ત્યહાં તેહેના કાંટાથી પાંખો કાટી, અને સુખ પણ ઉતરાયું: આ બોલવું તે ભમરાને જોનારનું છે.

પર્યાયોક્ત્યલંકાર.

પર્યાયોક્તિ પ્રકાર બે, કંઇ રચનાથી વાત;
દ્વિતિયે મિસ થકિ કાર્ય જે, તે ચિંતવે ચિત સાથ. ૬૫
ચતુર તેજ જેહેનું તહેને, ધાલી વણ ગુણ ભાળ;
તમો બેઉ આં બેસજો, કરિઆનું પલાળ. ૬૬

અર્થ.

પર્યાયોક્તલંકાર બે પ્રકારનો છે, તેમાં એકતો કાંઈ રચનાથી વાત કરવી તે; અને બીજો કાંઈક મસ કરીને, જેમ બીજા માણસોને ગમે, તેમ તેનું કાર્ય સાધીદેવું તે. (ઉદાહરણ.) નાયકા નાયકાને કહેછે કે, તું અને નાયક, તેમાં તુંજ ચતુર કે, જેણે ત્હારા ગળામાં દોરાવિનાની માળા પહેરાવી; એવી રચનાથી વાત કરી તેમાંથી આ અભિપ્રાય નિકળ્યો કે તું નાયકને ભેટતાં દબાઇછે, તેથી ત્હારી છાતિમાં મોતીની માળાનો આંકો પડી આવ્યો છે, માટે તે દોરા વિનાની માળા પહેરી છે, એ યુક્તિપર્યાયોક્તલંકાર થયો. બીજો દુતીના ઘરમાં નાયક નાયકા બે ભેળાં થઇ રહ્યાં છે, ત્યાં દુતી કહેછે કે તમે અન્યોઅન્ય બેસજો, અને હું હવે તળાવમાં ન્હાવા જાઉં છઉં; એથી દુતિએ ન્હાવાનો મસ કરી એને એકાન્ત કરીદીધાં, ને તે બન્નેના ચિત્તને ગમે તેવું કાર્ય સાધિઆપ્યું, તેથી એ વ્યાજપર્યાયોક્તલંકાર થયો.

વ્યાજસ્તુત્યલંકાર.

વ્યાજસ્તુતિ નિન્દા મસે, હોયે સત્ય સ્તવન;
ગંગા શું કહિયે ત્હને, કરે પતિત પાવન. ૬૭

અર્થ.

નિન્દાને મસે કરીને જ્યહારે સ્તુતિ એટલે વખાણ થાય ત્યહારે તે વ્યાજસ્તુત્યલંકાર થાય. (ઉદાહરણ.) હે ગંગા! ત્હેં પાપીઓનાં પાપ હરીને સ્વર્ગમાં મોકલ્યા, માટે ત્હને અમે શું કહિયે; આમ વ્હડવાને મસે સ્તુતિ થાય છે.

વ્યાજનિન્દાલંકાર.

વ્યાજનિંદ્ય નિન્દા મસે, બીજી નિન્દા થાય;
મંદ ચંદ્ર આમ ક્ષીણ પણ, કિયો તેને ન સહાય. ૬૮

અર્થ.

નિન્દાને મસે જ્યહારે વધારે નિન્દા થાય, તો વ્યાજનિન્દા-

લંકાર કહેવાય. (ઉદાહરણ.) પરકિયા નાયિકા નાયકને મળવા જાયછે, ત્યહાં ચન્દ્રમા પ્રકાશિત થયો, તે દેખીને પોતાને ગુપ્ત જવુંછે તેથી અડચણવાળાં જાણ આવીને ચંદ્રમાને શાપ આપેછે કે, તું માંદોછે એટલે ક્ષયમાં ઘટતો જાયછે તે-મજ ત્હને હેવે સદા ઘટતો કાં ન કર્યો; માલમ કે તું દમાં વધેછે તે શું!.

આક્ષેપાલંકાર.

ત્રણ ભાતી આક્ષેપછે, એક નિશેધા ભાસ;
પ્રથમ કહી કહ્યું ફેરવે, તેતો વ્યક્તાભાસ. ૬૯
હાને વળિ ના નીકળે, એ લક્ષણ ત્રણ લેખ;
થઈ રહ્યો ત્યહાં અગ્નિથી, સ્ત્રી મન તાપ વિશેષ. ૭૦
શીત કિર્ણ આ ચન્દ્રજો, કે સ્ત્રી મૂખ વિશેષ;
પ્રથમ જન્મ ત્યહાં દે મને, પિઉ જાવો પરદેશ. ૭૧

અર્થ.

આક્ષેપાલંકાર ત્રણ પ્રકારનો છે; એકતો નિશેધાભાસ, બીજો વ્યક્તાભાસ, ને ત્રીજો વિધ્યાભાસ. (ઉદાહરણ.) સ્ત્રીના મનને તાપ અગ્નીથી જમાણો વિશેષ થઇ રહ્યો છે; હ્યાં અગ્નીનો નિશેધ કર્યો તેથી નિશેધાભાસાક્ષેપાલંકાર થયો. બીજો પ્હેલાં પોતે કાંઈ વાત કરીને, પછી ત્હેને ફેરવી નાખવી, ત્હેનું નામ વ્યક્તા ભાસ. (ઉદાહરણ.) તું જો આ શીત કિર્ણ (ચંદ્ર.) દેખાય છે કે સ્ત્રીનું મુખ છે! હ્યાં શીત કિર્ણ કહિને પાછું સ્ત્રીનું મુખ કહ્યું, તેથી વ્યક્તાભાસા ક્ષેપાલંકાર થયો. ત્રીજો કામ કરવાની હા કહેતાં નહિં કરવા જેહેવો અર્થ નિકળે તે વિધ્યાભાસ. (ઉદાહરણ.) એક પુરૂષે પરદેશ જવાની રજા સ્ત્રી પાસે માગી, ત્હારે તેણે કહ્યું કે ત્યહાં મને જન્મ આપીને પછી પરદેશ જજો; અહામાં રજા તો આપી પણ એમ કહ્યું જે, મને ત્યહાં જન્મ આપીને જજો, અર્થાત હ્યાં મારીને જજો, એથી વિધ્યાભાસાક્ષેપાલંકાર

થયો. આક્ષેપ એટલે કહેલું કાંઈ કઠિન પછીથી કાંઈ ન લાવવું તે.

વિરોધાભાસાલંકાર.

ભાસે જ્યાં વીરોધ તે, ગણો વિરોધ ભાસ;
નહિ જ ઉતાર્યો ઊતરે, મનથી પ્રાણ નિવાસ. ૭૨

અર્થ.

એક બીજાને સ્નેહ ઉતરીગયો હોય ત્હેનું નામ વિરોધાભાસાલંકાર. (ઉદાહરણ.) નાયકા કહેછે કે હું તો નાયકના મનથી ઉતરીગઈ છઉં, એટલે એ મહને મળવા આવતો નથી પણ મ્હારા મનથી તો એ પલવારે ઉતરતો નથી; અને એ મ્હારો પ્રાણ ને જીવ તેનું ઠેકાણું છે.

વિભાવનાલંકાર.

છેજ છ ભાતિ વિભાવના, કારણ વિનાનું કાજ;
પણ પીંધી અળતો દિયે, પગતળ અરુણ સમાજ. ૭૩

હેતુ અપૂરણથીજ જ્યાં, કારજ પૂરણ હોય;
કુસુમ બાણ કર ગ્રહિ મદન, સૌ જગ જીત્યું જોય. ૭૪

પ્રતીબંધ થતાંય પણ, કારજ પુરણ પ્રમાણ;
નિશિ દિન શ્રુતિ સંગતિ છતાં, નયન રાગની ખાણ. ૭૫

જ્યાંહ અકારણ વસ્તુથી, પ્રકટે કારણ જ્યોત;
કોકિલ વાણી બોલતો, દીઠો આજ કપોત. ૭૬

જ્યાં કોઈક કારણ થકી, કારજ હોય વિરુદ્ધ;
કરે મુને સંતાપ આ, સખી શીતકર શુદ્ધ. ૭૭

જ્યહારે વળિ કંઈ કાર્યથી, ઉપજે કારણ રૂપ;
નેન મીનમાંથી જુઓ, સરિતા વહે અનૂપ. ૭૮

અર્થ.

કોઈ વસ્તુને વિષે બીજી વસ્તુની સંભાવના કરવી, ત્હેનું નામ વિભાવનાલંકાર. (ઉદાહરણ.) આ અલંકારના છ પ્રકાર છે, ત્હેમાં પ્હેલો એક આજ પગને અળતો (પીપળાની લાખ)

અથવા પોથી અળતાના સિવાય પગતળિયાં લાલ દેખાય છે; ત્યાં કારણ વિના કાર્યની ઉત્પત્તિ થઇ, કેમકે લાલ રંગ દીધા વિના લાલ પગતળાં દેખાયાં, તેથી કારણહિનવિભાવનાલંકાર થયો. બીજો. (ઉદાહરણ.) જુઓતો ફૂલનું બાણ હાથમાં લઇને, કામદેવે બધા જગતને જીત્યું; ત્યાં કારણ જે બાણ તેતો લોઢાનું જોઇએ તે નહિં, ને કેવળ ફૂલના બાણથી જે જગતને જીત્યું. એથી કારજ પૂર્ણ થયું માટે કારણપૂર્ણવિભાવનાલંકાર થયો. ત્રીજો. (ઉદાહરણ.) રાત અને દિવસ શ્રુતિ જે કાન તેહની સંગતી તેને છે, તોયે તે પ્રીતિની તો ખાણ છે; એટલે શ્રુતિ કે વેદ તેહની સંગતિ થતાં તો આ દેહાદિ ઉપરથી પ્રીતિ ઉતરીને મોક્ષ આદી થવી જોઇયે તે થતા નહિં, એ રીતે આશ્ચર્ય જણાવે છે તેનો અભિપ્રાય એ છે જે; પ્રતિબંધ થતાં પણ કાર્ય પૂર્ણ થાયછે, તેથી પ્રતિબંધકવિભાવનાલંકાર થયો. ચોથો. (ઉદાહરણ.) હવે કોયલની વાણી ગાતાં હોવાને દીઠા ભોળાના કડવી ઉપમા કહેવાય છે, એમ જ્યારે કારણ વિનાની વસ્તુથી કાર્ય પ્રકટ થાય, ત્યારે અકારણવિભાવનાલંકાર કહેવાય. પાંચમો. (ઉદાહરણ.) હે સખી શુક (પોપટ) કિંશુકનાં પેડમાં ઝુને સંતાપ કરે છે; એમ જ્યારે કોઇ કારણથી કાર્ય અવળું થાય, ત્યારે તે કાર્ય વિરુદ્ધવિભાવનાલંકાર કહેવાય. છઠ્ઠો. (ઉદાહરણ.) નેત્રરૂપી માછલીથી ઉપમા નદીના જેવી આંસુ નદી વહેછે; હવે કારણરૂપ નદીથી તો કાર્યરૂપ માછલી ઉત્પન્ન થાય, પણ માછલીથી નદી ઉત્પન્ન થાય નહિ, તેજ ત્યાં કહ્યું. જે નેત્રરૂપી માછલીથી નદીરૂપ આંસુની ધારાઓ ઉત્પન્ન થઇ; એટલે ત્યાં કાર્યાત્કારણવિભાવનાલંકાર થયો.

વિશેષોક્ત્યલંકાર.

વિશેષોક્તિ જ હેતુથી, કારજ ઉપજે નાહિં;
નેહ ઘટે નહિં જ્યાં લગી, કામ દીપ ઘટમાંહિં. ૭૮

અર્થ.

જ્યહારે કારણથી કાર્ય ઉપજે નહિં ત્યહારે વિશેષોક્ત્યલંકાર કહિયે. (ઉદાહરણ.) જ્યહાં સુધી કામદેવરૂપી દીવો આ જગમાં છે, ત્યહાં સુધી સ્નેહ ઘટતો નથી; ત્યાં કામદેવ કારણકે જેથી ઉપજ્યો જે સ્નેહ તે કાર્ય છે, એટલે તે કાર્યને જુદું કહ્યું છે, તે કારણમાંથી જુદું નિકળતુંજ નથી, કેમકે કામદેવ જ-ગમાંછે ત્યહાં સુધી સ્નેહ જુદો થવાનો નથી.

અસમ્ભવાલંકાર.

કહે અસમ્ભવ હોય જબ, સમ્ભાવન વણ કાજ;
ગોપસુત ગિરિ કર ધર્યો, કેમ મનાયે આજ. ૯૦

અર્થ.

જે કાર્યના કારણનો વિચાર મનમાં આવી શકાય નહિં તે અસમ્ભવાલંકાર (ઉદાહરણ.) ગોપના પુત્ર જે શ્રીકૃષ્ણ તેણે મ્હોટા ગોવર્ધન પર્વત સાત દીવસ સુધી એક હાથ ઉપર રાખ્યો, એ વાત આજ માણસની શક્તિના જાણનારાઓના મનમાં કેમ સાચી મનાય?

અસંગત્યલંકાર.

ત્રિવિધ અસંગતિ કાજ વળિ, કારણ ન્યારે ઠામ;
બીજા સ્થળમાં કીજિયે, બીજા સ્થળનું કામ. ૯૧
બીજું કાજ આરમ્ભિયે, બીજો કરિયે ઓર;
કોયલ મદમાતી થઈ, જકુર્યા આંબે મોર. ૯૨
ન્હારા શત્રુની સ્ત્રિયે, તિલક અરાડ્યો ભાલિ;
મોહ મિટાડ્યો પ્રભુ ન ગણુ, મોહ લગાડ્યો આલિ. ૯૩

અર્થ.

અસંગત્યલંકારના ત્રણ પ્રકારછે. પહેલો (ઉદાહરણ) કોયલ મદમાતી થઈ અને આંબે મોર જકુર્યો રહેલા છે; હવે કોયલ શાથી મદમાતી થઈ તેતો કહ્યું નહિં, તેમજ આંબે મોર જકુ-ર્યો રહેલા તેનું શું કારણ તે પણ કહ્યું નહિં, અર્થાત વિચારો

બેનાંતો કામને કારણ બન્યો એમ જણાયછે, પરંતુ અહારમાંથી સમજાતું નથી; જુઓ વસન્ત ઋતુ બેસતાં મોરમાં ઝીણા ઝીણા મરવા એટલે ફળ થવા માંડેછે, તેનો કોયલને આહારછે તેથી તે ખાતાં મદમાતી થઈ; આથી આંબાનો મોર કારણછે, ને મદમાતી થવું એ કાર્યછે, માટે કારણકારણગોપ્યઅલંકાર થયો. બીજો. (ઉદાહરણ.) ત્હારા શત્રુઓની સ્ત્રીઓએ તિલક છો-ડીઆ, એટલે ત્હારા શત્રુની સ્ત્રીએ તિલક ભુસી નાખ્યાં; અ-ર્થાત રાંડીઓ અને શત્રુઓ મુઆ. એમ શત્રુઓ મુઆનું કે-વું છે તે તો કહ્યું નહિ, અને સ્ત્રીએ તિલક કાઢ નાખ્યાં એમ કહ્યું; એ રીતે બીજા ઠેકાણાનું કામ બીજે ઠેકાણે કહ્યું તેથી વ્યાઘાતગોપ્યઅલંકાર થયો, ત્રીજો.(ઉદાહરણ) પરમેશ્વરે મોહ મટાડ્યો તો નહિ અને સામો બીજો મોહ લગાડ્યો; આ ઠેકાણે બીજા કામનો આરંભ કરિયે અને તે પુરું ન થતાં બીજું કામ થઈ એમ થયું; હવે મોહ મટાડવાનો વિચાર કર્યોછે, ત્યાં તો વળી બીજી રીતનો મોહ આવી વળગ્યો, એવી રીતે આરંભઅસંગતઅલંકાર થયો.

વિષમાલંકાર.

વિષમ અલંકૃત ત્રણવિધી, અણમળતાનો સંગ;
અવર રંગ કારણ તણો, અવર કાર્યનો રંગ. ૯૪
વળી ભલો ઉદ્યમ કિધે, અકાજ પ્રાપ્તી થાય;
અતિ કોમળ તન સ્ત્રી તણું, ક્યાં કામની લાય. ૯૫
કાળાં ખડગથિ ઉપજે, ઉજ્વળ કીર્તી આપ;
શશિ ઠારવું મનસાર પણ, વધ્યો અધિક તન તાપ. ૯૬

અર્થ.

વિષમાલંકારના ત્રણ પ્રકાર છે. પ્રથમ. (ઉદાહરણ.) સ્ત્રીનું અતિશે કોમળ અંગ છે, તેમાં આવી બળી કામની લાહ્ય એ તે શું? એટલે કોમળમાં અગ્નીની લાહ્ય કહી; હવે કો-મળ ને લાહ્ય એ બે પદાર્થ વિરૂદ્ધ છે તેનો મેળાપ કર્યો, તેથી એ અમિલિતવિષમાલંકાર થયો. બીજો. (ઉદાહરણ.)

અતિશે કાળી તરવારોથી અતિશે શ્વેત કીર્તિ ઉત્પન્ન થઈ; અહાંમાં કારણ જે કાળી તરવારો તેથી શ્વેત કીર્તિરૂપી કાર્ય ઉત્પન્ન થયું તેથી કાર્ય અને કારણના રંગ જુદા જુદા થયા તેથી એ પ્રથમવિષમાલંકાર થયો. બીજો, (ઉદાહરણ.) નાયકા કહે છે કે સખીયે ભીમસેની બરાસ (કપૂરનું થાય છે.) નું પાણી છાંટ્યું તેથી અંગમાં અતિશે તાપ થયો; અહાંમાં કારણ એ છે કે અંગમાં અગ્નીનો તાપ થાતો હતો, ત્યહાં સખીયે ભીમસેની બરાસનું પાણી છાંટ્યું તેથી ઉલટો કામાગ્નીનો તાપ વધ્યો, અર્થાત કામોત્પત્તિ વધારે થઈ માટે તે સારૂં કામ જે બરાસનું પાણી છાંટવું, તેનાથી નરસું ફળ થયું તેથી એ દ્વિતીયવિષમાલંકાર થયો.

સમાલંકાર.

અલંકાર સમ જાણિયેં, યથા યોગ્યનો સંગ;
કારજમાં સરવે જડે, કારણ કેરૂ અંગ. ૮૭
શ્રમ વણ કારજ સિદ્ધ જ્યાં, ઉદ્યમ કરતાં હોય;
હાર વાસ સ્ત્રી ઉર કુચેં, ઘટિત બન્યું ત્યાં સોય. ૮૮
નીચ સંગ અચરજ નહીં, લક્ષ્મી જલજ જાણિ;
પરા તણો જ ઉદ્યમ કિધો, સરસ રિતે સુખ માણિ. ૮૯

અર્થ.

સમાલંકારના ત્રણ પ્રકાર છે, તેમાં પ્હેલો (ઉદાહરણ.) કુચનો અથવા રત્નનો હાર, તેણે પોતાને લાયક ઘર જોઈને નિવાસ કર્યો; અર્થાત તે સુન્દર છે તે સ્ત્રીના અતિ સુન્દર પયોધર ઉપર જઈને રહ્યો તેથી તે યથાયોગ્ય સમાલંકાર થયો. બીજો. (ઉદાહરણ.) લક્ષ્મી જે નીચ માણસના ઘરમાં રહે છે ત્હેમાં કાંઈ નવાઈ નથી, કેમકે તેણીનું જન્મસ્થળ જે સમુદ્ર તેથી જન્મ લીધો છે; અર્થાત જળ જેમ નીચે ઢોળાણ ઉતરી પડે છે, તેમ ત્હેની દિકરી નીચ માણસના ઘરમાં ઉતરી પડે ત્હેમાં શું આશ્ચર્ય? એ રીતે કારણ જે જળ ત્હેનો

સ્વભાવ કાર્ય જે લક્ષ્મી ત્હેમાં દેખાય છે તેથી તે યથા કારણાલંકાર થયો. ત્રીજો. (ઉદાહરણ) એટલું જાણીને ઉદ્યમ કર્યો. તે તેણે સારી રીતે કીધો; અહીંઆં અગણિત કાર્ય સિદ્ધિ ઉદ્યમથી થઈ તેથી તે અનાયાસસમાલંકાર થયો.

વિચિત્રાલંકાર.

વિપરિત ઇચ્છા ફળ થકી, કરિયે યત્ન વિચિત્ર;
નિત્ય નમે ઉંચા થવા, સર્વે પુરૂષ પવિત્ર. ૫૦

અર્થ.

જે કામ કર્યાથી અવળું ફળ મળે ત્હેનું જતન કરે, ત્યારે તે વિચિત્રાલંકાર થાય. (ઉદાહરણ.) જે પવિત્ર ધર્માત્મા કે ધનવાળા પુરૂષોછે, તે પોતાનું લાયકપણું લેવાસારૂ સહુથી નમતા રહેછે; અહીંઆં નમવું એ નીચુંછે તેથી મ્હોટાઈ રૂપી ફળ મળેછે, તેથી એ વિચિત્રતા થઈ.

અધિકાલંકાર.

અધીકાઈ આધેયની, જય આધારથિ હોય;
તે આધારાધેયથી, અધિક અધિક એ દોય. ૫૧
સપ્ત દ્વીપ નવખન્ડમાં, કીર્તી નહીં સમાય;
શબ્દ સિન્ધુ તે કેવડો, કે ગુરૂ ગુણ વરણાય. ૫૨

અર્થ.

અધિકાલંકારના બે પ્રકારછે. ત્હેમાં જ્હાં આધારથી આધેય વધતો થાય ત્હાં આધેયાધિકાલંકાર કહેવાય. (ઉદાહરણ.) ત્હારી કીર્તિ સાતદ્વીપ અને નવખન્ડમાં સમાતી નથી; આં સાતદ્વીપ ને નવખન્ડ તે આધાર છે અને જશ તે આધેયછે માટે આધારથી આધેય અધિક થયો. બીજો જ્હાં આધેયથી આધાર વધતો થાય ત્હાં આધારાધિકાલંકાર થાય. (ઉદાહરણ.) જ્હાં ત્હારા ગુણનું વર્ણન કરિયે ત્હાં શબ્દરૂપી સમુદ્ર તે કેવડો મ્હોટોછે; અર્થાત શબ્દસિન્ધુ આધેયથી ત્હારા ગુણરૂપી આધાર અધિક છે.

અલ્પાલંકાર.

અલ્પ અલ્પ આધેયથી, સુક્ષ્મ થાય આધાર;
વિરહિણિ અંગુળિ મુદ્રિકા, ભુજમાં કરે વિહાર. ૯૩

અર્થ.

ન્હાનીથી ન્હાની વસ્તુ જ્યહારે ધારણ કરિયે ત્યહારે તેથી મ્હોટી જે ત્હેને ધરવાની વસ્તુ તે ન્હાનીથી પણ ન્હાની થાય ત્હેનું નામ અલ્પાલંકાર કહેવાય. (ઉદાહરણ.) વિરહિણિ સ્ત્રીની આંગળીની વીંટી તે તે સ્ત્રીના હાથમાં ફરતી જણાય છે; એટલે તે સ્ત્રી એટલી તો સુકાઈ ગઈ કે ત્હેના હાથ આંગળીથી પણ પાતળા થઈ ગયા છે. વીંટી તે આધેયછે ને હાથ તે આધાર છે.

અન્યોન્યાલંકાર.

અન્યોન્યા લંકારમાં, અન્યોન્યજ ઉપકાર;
શશિથી નિશિ લાગે સરસ, નિશિથી પણ શશિ સાર.૯૪

અર્થ.

એક બીજાનો પરસ્પર ઉપકાર થાય, તે અન્યોન્યાલંકાર કહેવાય. (ઉદાહરણ) ચન્દ્રમાથી રાત્રી સારી દેખાય છે, અને રાત્રીથી ચન્દ્રમા સારો દેખાય છે; ત્હામાં રાત્રીથી ચન્દ્રની શોભા વધી, ને ચન્દ્રથી રાત્રીની શોભા વધી, એમ પરસ્પર ઉપકાર થયો.

વિશેષાલંકાર.

ત્રણજ પ્રકાર વિશેષમાં, અનાધાર આધેય;
થોડો કંઈ આરમ્ભ જવ, અધિક સિદ્ધિને દેય. ૯૫
વસ્તુ એકનું કીજિયે, વરણન ઠામ અનેક;
ગગન ઉપર કંચન લતા, કુસુમ સ્તનજછે એક. ૯૬
કલ્પ વૃક્ષ દીઠું સહી, જ્હેનેછે બે નેણ;
અંતર બ્હાર દશો દિશા, એજ પ્રિયા સુખ દેણ. ૯૭

અર્થ.

વિશેષાલંકારના ત્રણ પ્રકાર છે. પ્રથમ તો આધેયને આધાર ન હોય તે. (ઉદાહરણ.) આકાશ ઉપર એક સોનાની વેલ અને એક ઉજળું ફુલ છે, એટલે વિજળી અને ચન્દ્રમા છે. તેને ક્યાંએ આધાર નથી માટે એ અનાધારવિશેષ કેહવાય. બીજો, કોઈ બીજો આરંભ ત્યહારે બીજી સિદ્ધિને આપે, ત્યહારે તે અધિકવિશેષાલંકાર થાય. (ઉદાહરણ.) મહેં એક કલ્પવૃક્ષ દીઠું, તેને તે આપ્યો છે ગમાયક; અવતાર કલ્પવૃક્ષ નહિ ના દાતાર પુરૂષ છે, તેથી કલ્પવૃક્ષને આપ્યો છે એમ જ્યારે કેહવામાં આવ્યું. ત્રીજો. એક વસ્તુનું વરણન અનેક ઠેકાણે કરિયે ત્યહારે તે અનેકવિશેષાલંકાર થાય. (ઉદાહરણ.) ઘરમાં, બહાર, દશે દિશાઓમાં, એજ વહાલી સ્ત્રી સુખ દેનારી જણાય છે એમ એક સ્ત્રીનું સર્વ ઠેકાણે વરણન થયું છે.

વ્યાઘાતાલંકાર.

વ્યાઘાતજ કંઈ અન્યથી, કરિયે કારજ અન્ય;
કાર્ય વિરોધિ પદાર્થથી, હોય કાર્ય સાધન. ૯૮
સુખ આપે સહુ જગતને, તેજ મદન દુખકાર;
નિશ્ચે જાણો બાળકો, ન કરો એ પરિહાર. ૯૯

અર્થ.

વ્યાઘાતાલંકારના બે પ્રકાર છે. એક તો જેથી સારૂં કામ થતું હોય તેથીજ માઠું નરસું કામ થાય તે. (ઉદાહરણ.) જે કામદેવથી આખું જગત સુખ પામે છે, તેજ કામદેવ પાછો જગતને પ્રહાર કરે છે; કેમકે જે સ્ત્રીથી પુરૂષને સુખ થાય છે તેજ સ્ત્રીના કટાક્ષથી પુરૂષને મનમાં અતિ પીડા થાય છે, માટે એ દ્વિવ્યાઘાતાલંકાર. બીજો. જે કાર્યનો વિરોધી પદાર્થ હોય, તેજ પાછો કાર્યનો સાધક પદાર્થ થાય તે. (ઉદાહરણ.) રાજા યુદ્ધમાં જતો હતો તેથી રાજા કામદારને સોંપતા

માંડ્યું, ત્યારે કામદાર બોલ્યો કે મ્હારા બાળકના ઉપર દયા કરતાહોતો મ્હારી પ્રધાનપણામાંથી ત્યાગ કરશો નહિ; એમ કહ્યાથી તેહેનો કોઈ અપરાધ થાવતો તે માફ કરવો એ અર્થ નિકળ્યો, એથી એ અનિષ્ટવ્યાઘાતાલંકાર થયો.

ગુમ્ફા અથવા કારણમાળા લંકાર.

કારણની માળા ગુંથી, ગુમ્ફા નામ સુયુક્ત;
નીતીથી ધન ધન થકી, ધર્મ ધર્મથી મુક્ત. ૧૦૦

અર્થ.

જ્યહાં એક એકનાં કારણ પરસ્પર નિકળતાં આવે ત્યહાં ગુમ્ફાલંકાર થાય. અને એહેને કારણમાળાલંકાર પણ કહે છે. (ઉદાહરણ.) નીતિથી ધન થાય, ધનથી ધર્મ થાય, ને ધર્મથી મુક્તિધામ થાય. એમ એક બીજાનાં કારણ નિકળતાં આવે છે.

એકાવલ્ય લંકાર.

ગ્રહે મુક્ત પદ પુનરપી, એકાવળી પ્રમાણ;
દૃગ શ્રુતિપર શ્રુતિ બાહુપર, બાહુ જાનુ સુધિ જાણ. ૧૦૧

અર્થ.

મુકેલા શબ્દોનું જ્યારે ફરીથી ગ્રહણ થાય ત્યારે એકાવલ્યલંકાર. (ઉદાહરણ.) કાનની ઉપર આંખો, અને હાથ ઉપર કાન, ને જાંગસુધી હાથ, એમ જે શબ્દ એકવાર કહ્યો તે પાછો ફરીથી બીજીવાર આવ્યો, એ આવૃત્તિનો અર્થ છે.

માળાદીપક લંકાર.

દીપક એકાવલિ મળે, માળાદીપક નામ;
કામ ધામ સ્ત્રિ હૃદય થયું, તું સ્ત્રિ હૃદયનું ધામ. ૧૦૨

અર્થ.

દીપકાલંકાર, અને એકાવલ્યલંકાર, એ બે મળીને માળાદીપકાલંકાર થાય છે. (ઉદાહરણ.) સ્ત્રીનું હૃદય તે કામદેવનું ઘર થયું, અને સ્ત્રીના હૃદયનું ઘર તું થયો છે; એહેમાં ઘર

પદ એક ફેરે કહીને વળી બીજીવાર કહ્યું તેથી એકાવલ્યલંકાર થયો, અને સ્ત્રીનું હૃદય તુંછ એમ કહેવું છે, તેને માટે સ્ત્રીના હૃદયનું ઘર તુછં, એમ કહ્યું તેથી દીપકાલંકાર થયો.

સારાલંકાર.

એક એકથી સરસ જ્યં, અલંકાર એ સાર;
મધુથી મધુરૂં છે સુધા, કવિતા મધુર અપાર. ૧૦૩

અર્થ.

જ્યારે એકથી બીજી વસ્તુ સરસ થતી આવે, ત્યારે તે સારાલંકાર કહેવાય (ઉદાહરણ.) મધથી અમૃત મધુર છે, અને તેથી પણ કવિતા અપાર મધુર છે.

યથાસંખ્યાલંકાર.

યથાસંખ્ય વરણન વિષે, વસ્તુ અનુક્રમ સંગ;
કર અરિ મિત્ર વિપત્તિનો, ગંજન રંજન ભંગ. ૧૦૪

અર્થ.

આગળ પાછળ વસ્તુનો અનુક્રમ સરખો આવે તે યથાસંખ્યાલંકાર કહેવાય, (ઉદાહરણ.) શત્રુ મિત્ર અને દુઃખ એઓને માર, રીઝાવ, અને ફેડ, અર્થાત શત્રુને માર, મિત્રને રીઝાવ, અને દુઃખને ફેડ; એ રીતે શત્રુ આદી જેમ પહેલા કહ્યા, તેમ માર આદી પછી કહ્યા, એમ એક બીજા પછી કહ્યા છે.

દીપર્યાયાલંકાર.

દીપર્યાય અનેકનો, ક્રમથી આશ્રય એક;
વળિ ક્રમથી જ્યં એકનો, આશ્રય ધરે અનેક. ૧૦૫
હતિ ચંચળતા ચરણમાં, નયણે આવિ જણાય;
ચંચુળ તજિ સ્ત્રી કાન્તિમુખ, શશિમાં રહી સુહાય. ૧૦૬

અર્થ.

એક વસ્તુનું બીજું રૂપ થાય તે પર્યાય કહેવાય એ અલંકારના બે પ્રકાર છે. પ્રથમ. (ઉદાહરણ.) પગમાં ચંચળતા

હતી તે આંખમાં આવીને રહીછે; આથી એમ સમજવું કે પગ આધાર છે, અને ચંચળતા આધેય છે; હવે એ આધેય કરીને બીજા આધારમાં પ્રાપ્ત થયો તેથી એ આધેયદ્રૂપર્યાયાલંકાર થયો. બીજો, (ઉદાહરણ,) સ્ત્રીના વદનની ઉપમા કમળને તજીને ચન્દ્રમામાં બની રહીછે; અર્થાત કમળ આધાર છે અને વદનોપમા આધેય છે, તે કમળનો આધાર તજી દઈને એ વદનોપમા આધેયે ચન્દ્રમાનો આધાર લીધો એટલે આધાર કર્યો માટે આધારદ્રૂપર્યાયાલંકાર થયો.

પરિવૃત્ત્યલંકાર.

પરિવૃત્તિ લઈયે અધિક, આપિ અલ્પ કંઈ રિદ્ધ;
એક કટાક્ષથિ મારિ શર, કર અરિ લક્ષ્મી સિદ્ધ. ૧૦૭

અર્થ.

કાંઈ થોડુંક આપીને ઝાઝું લેવું તે પરિવૃત્ત્યલંકાર. (ઉદાહરણ.) આંખ તાણીને એક બાણ માર્યાથી શત્રુનું ધન બધું હરી લે; અર્થાત એકજ બાણથી શત્રુને મારી તેહેનું બધું હરી લેવું, આથી આપવું અલ્પ અને લેવું અધિક એમ અર્થ થાયછે.

પરિસંખ્યા લંકાર.

પરી સંખ્ય તજી એક સ્થળ, બીજે ઠાર ઠરેય;
સ્નેહ હાનિ નથિ હૃદયમાં, પણ દીપે થઈ છેય. ૧૦૮

અર્થ.

એક સ્થળનો ત્યાગ કરીને વસ્તુ બીજા સ્થળમાં ઠરે, તે પરિસંખ્યાલંકાર જાણવો. (ઉદાહરણ.) નાયક નાયકા રંગે છે ત્યાં દીવામાંથી તેલ બધું બળી ગયું એ તેલનું નામ સ્નેહ છે, તે ઘટી ગયું પણ જે એક બીજાના હૈયામાં સ્નેહ છે તે કાંઈ ઘટી ગયો નથી એ તાત્પર્ય છે.

વિકલ્પાલંકાર.

આ કરૂં કે હું આ કરૂં, એહ વિકલ્પ જુબાન;
આશું હવે કુંપ અનાડું, પણિ મરું યમેક કાન. ૧૦૯

અર્થ.

આ કરૂં કે આ કરૂં એ પ્રકારનો વૃતાન્ત જેમાં હોય તે વિકલ્પાલંકાર. (ઉદાહરણ.) નાયકા કહેછે કે હું હમણાં કૃષ્ણની પાસ આવુંછઉં, કાંતો આ દેહથી મ્હારા સ્વામીને મળુંછઉં. ને કાંતો મરીને જમ પાસે જાઉંછઉં.

સમુચ્ચયાલંકાર.

બેય સમુચ્ચય ભાવ ગણું, ઉપજે એકજ સંગ;
એક કાર્યને સાધેછે, મળી અનેકજ અંગ. ૧૧૦
તુજ અરિ નાસે પડિ ઉઠે, ફરિ ન્હાસે ભય આણિ;
જોબન વિદ્યા મદન ધન, મદ ઉપજાવે આણિ. ૧૧૧

અર્થ.

સમુચ્ચયાલંકારના બે પ્રકાર છે, એક તો એક કામ સઘળાંનિ આગળ થાયછે તે, અને બીજો ઘણા મળીને એકજ કામ કરે છે. પ્રથમ. (ઉદાહરણ.) ત્હારા ભયથી શત્રુઓ ન્હાસેછે, પડેછે, ને ઉઠીને ફરી દોડેછે; ત્યાં ઘણાં શત્રુઓને એક ભયજ ઉપજ્યો છે, માટે એ બહુવ્યાપકસમુચ્ચયાલંકાર થયો. બીજો. (ઉદાહરણ.) જોબન, વિદ્યા, કામદેવ, અને ધન, એ ચારે એક મદ ઉપજાવે છે, તેથી એ એકવ્યાપકસમુચ્ચયાલંકાર થયો.

કારકદીપકાલંકાર.

કારક દીપક એકમાં, ક્રમથી ભાવ અનેક;
જાતિ ચિતવે આવતિ હસે, પુછે વાત પ્રભુ નેક. ૧૧૨

અર્થ.

એકમાં ક્રમે કરીને અનેક ભાવ થાય તે કારકદીપકાલંકાર કહેવાય. (ઉદાહરણ.) એક સ્ત્રી વ્હાલું જોઈને ચિતવતી આ-

થઈ, હસતી આવેછે, અને હળવેથી વાત પણ પુછે છે; એરીતે એક સ્ત્રીમાં અનેક ભાવ પ્રકટ થયા છે.

સમાધ્યલંકાર.

તે સમાધિ કારજ સુગમ, અન્ય હેતુ મળિ થાય;
ઉત્કન્ઠા સ્ત્રીને થઈ, આથમિયો રવિ ત્યહાંય. ૧૧૩

અર્થ.

કાંઈક બીજું કારણ મળીને સારી રીતે કાર્ય થાતું હોય ત્યહારે સમાધ્યલંકાર થાય. (ઉદાહરણ.) સ્ત્રીને પતી પાસે જવાની તૃષ્ણા થઈ ત્યહાં દિવસનો પ્રકાશ પણ અસ્ત થયો; અર્થાત દિવસ આથમવાથી પતીને મળવું સહેલું થયું.

કાવ્યાર્થાપત્ય લંકાર.

કવિ કૈમુતિક ન્યાયને, કાવ્યાર્થા પતિ ગાય;
મુખે જિત્યો જે ચન્દ્રમા, કમળ ન કેમ જિતાય. ૧૧૪

અર્થ.

આમ કરેતોહોય ત્હેને એમ કરતા તે શું વાર લાગે એહેવો કૈમુતિક ન્યાય, ત્હેને કવિ કાવ્યાર્થાપત્યલંકાર કહેછે. (ઉદાહરણ.) ચન્દ્રમા સાથે યુદ્ધ કરતાં જે મુખ જીત્યું તેને કમળને જિતતાં શી વાર છે.

કાવ્યલિંગાલંકાર.

કાવ્યલીંગ જવ યુક્તિથી, અર્થ સમર્થન હોય;
તુજને જીત્યો મેહેં મદન, મુજ મનમાં શિવ સોય. ૧૧૫

અર્થ.

જ્યહારે યુક્તિથી પોતાના અર્થની સિદ્ધિનું સામર્થ્ય ત્યહારે કાવ્યલિંગાલંકાર કહેવાય. (ઉદાહરણ.) હે મ્હારા મનમાં શિવ બિરાજે છે, તેથી મ્હેં ત્હને જીત્યો ત્હારૂં સામર્થ્ય કંઈ ચ્હેકે તેમ નથી.

અર્થાન્તરન્યાસાલંકાર.

સામાન્યથી વિશેષ દૃઢ, તવ અર્થાન્તર ન્યાસ;

રામ પ્રતાપે ગિરિ તર્યા, શું ન કરે બળ શૂરા. ૧૧૬

અર્થ.

જ્યહારે સામાન્યથી વિશેષ દૃઢ થાય ત્યહારે અર્થાન્તરન્યાસાલંકાર કહેવાય. (ઉદાહરણ.) શ્રીરામચન્દ્રના બળથી સમુદ્રમાં પર્વત તર્યા. એમ મહાપુરૂષ જેહેની બળિષ્ટ શક્તિ છે તે શું ન કરે, બધુંયે કરે; ત્યહાં પર્વત સામાન્ય એટલે સાધારણ છે, અને શ્રીરામચન્દ્ર વિશેષ જે કે સર્વ સામર્થ્યયુક્ત છે, તેહેના બળથી તર્યા.

વિકસ્વરાલંકાર.

વિકસ્વર હોય વિશેષ જ્યહ, વળિ સામાન્ય વિશેષ ;
ધર્યો હરી ગિરિ સત્પુરૂષ, સહે ભાર જ્યમ શેષ. ૧૧૭

અર્થ.

જે વિશેષ તે સામાન્ય થઈ જાય, અને જે સામાન્ય હોય તે વિશેષ થાય ત્હેને વિકસ્વરાલંકાર કહેછે. (ઉદાહરણ.) શ્રીકૃષ્ણે ગોવર્દ્ધન પર્વત ધર્યો, તે જેમ પૃથ્વીનો ભાર શેષ સહે છે તેમ; અર્થાત શેષથી શ્રીકૃષ્ણ અધિક છે; પણ શેષ આખી પૃથ્વી ધરી, અને શ્રીકૃષ્ણે એક પર્વત ધર્યો, તેથી શ્રીકૃષ્ણ વિશેષ છે તે સામાન્ય થયા, અને શેષ સામાન્ય છે તે વિશેષ થયો છે.

પ્રૌઢોક્ત્યલંકાર.

પ્રૌઢોક્તી વરણુન વિષે, અધિકાઈ અધિકાર ;
કેશ અમાસનિ રેણિ ઘન, સકલ તિમિરનાં ગાર. ૧૧૮

અર્થ.

[illegible]ર્ણ અને અધિકાર આવી વરણુનને પ્રૌઢ કરે, તે [illegible]કાર (ઉદાહરણ.) વાળ, અમાસની રાત, મેઘ, અને અંધકાર એ સઘળાં કાળાં એટલે અંધારાનાં ઘર છે; ત્હામાંનું એક પણ વરણુનની સાથે હોય તો તે વરણુન [illegible]ા પ્રૌઢી થાય છે.

સમ્ભાવના અલંકાર.

આમ હોત તો આ થત, સમ્ભાવના વિચાર;
વક્તા જો હુત શેષ તો, પામત ગુણનો પાર. ૧૧૯

અર્થ.

જો આમ હોતતો આમ થાત એ જે વિચાર તે સમ્ભાવનાલંકાર કહેવાય. (ઉદાહરણ.) પ્રભુની પ્રાર્થના—તમારા ગુણનો પાર જો શેષ કરવા લાગત તો થાત, કેમકે શેષને એક હજાર મુખછે, ને એકેક મુખમાં બબ્બે જીભોછે; અર્થાત હું એક મુખવાળો તમારા ગુણનો પાર કેમ પામું, માટે આં શેષની સમ્ભાવના થઈ.

મિથ્યાધ્યવસિત્ય અલંકાર.

મિથ્યાધ્યવસિત કહીં કહે, વૃથા કલ્પના રીત;
કરમાં પારો જો રહે, કરે નવોઢા પ્રીત. ૧૨૦

અર્થ.

કોઈ ખોટાની કલ્પના કરવી તે મિથ્યાધ્યવસિત્યલંકાર કહેવાય. (ઉદાહરણ.) જો હાથમાં પારો ઝાલી રખાય તો નવી પરણેલી સ્ત્રી પ્રીતિ કરે.

લલિતાલંકાર.

અર્થ તણા પ્રતિબિમ્બને, વરણે લલિતાંકુર
સેતુ બાંધિને શું કરે, હવે ઉતરી ગયું પૂર. ૧૨૧

અર્થ.

કાંઈક કહેવાની ઇચ્છા હોયતો તેહેનું પ્રતિબિમ્બ વર્ણવતાં કહિયે, કે તે લલિતાલંકાર થાય. (ઉદાહરણ.) વૃથા પાજ બાંધીને શું કરશો ? હવેતો પાણી ઉતરી ગયું; અર્થાત આ રીતે કોઈ કામ કરવાની વેળાએ ન કરે ને પછી કરે, એટલે થવાનું કારણ કોઈ રીતે નાશ પામ્યા પછી તે કામ કરવા તઇયાર થાય, ત્યારે તે કરવાને ઉપર લિખ્યા પ્રમાણે બીજી રીતે આપે તેથી પ્રતિબિમ્બ જણાયું, માટે એ અલંકાર મનોહર ગણાય છે.

પ્રહર્ષણાલંકાર.

ત્રિવિધ પ્રહર્ષણ જાતના, વાંછિત ફળ જે હોય;
વાંછિત થકી અધીક ફળ, એમ ત્રણ અહિંયે સોય. ૧૨૨
શોધે જેહના જતનને, વસ્તુ ચઢે કર તેહ;
જેહની ચિતમાં ચાહ થઈ, આવીકે દુતિ એહ. ૧૨૩
કરતાં ઉધમ દીપનો, ઉગ્યો ભાનુ દ્યુતિમાન;
નિધિઅંજનની ઔષધી, શોધે જડ્યો નિધાન. ૧૨૪

અર્થ.

પ્રહર્ષણાલંકારના ત્રણ પ્રકાર છે. પહેલો જે વસ્તુની ઇચ્છા થાય તે વગર મેહનતે આવી મળે તે. (ઉદાહરણ.) દૂતીને મળવાની મ્હને ચાહના હતી, ત્હાંતો તેજ દૂતી આવીને મળી; આં વાંછિતપ્રહર્ષણાલંકાર થયો. બીજો જે પદાર્થ મળવાસારૂ મેહનત કરવા લાગિયે, ત્હાંતો તે પદાર્થથી અધિક પ્રીતિ પદાર્થ એની મળે આવી મળે તે. (ઉદાહરણ.) દીવા કરવાનો ઉદ્યમ માંડ્યો ત્હાંતો સૂરજનો ઉદય થયો; આં વાંછિતાધિકપ્રહર્ષણાલંકાર થયો. ત્રીજો જે વસ્તુ મળવાના જતનને શોધિયેછીયે, ત્હાં તે વસ્તુજ એની મેળે આવી મળે તે. (ઉદાહરણ.) જે ઔષધી આંજ્યાથી પૃથ્વીમાં ડાટેલું દ્રવ્ય દેખાઈ આવેછે, તે ઔષધીને શોધતાં દ્રવ્યજ આવી મળ્યું; તેથી યત્નપ્રહર્ષણાલંકાર થયો.

વિષાદાલંકાર.

તે વિષાદ ચિત ચાહથી, ઉલટું કંઇ થઈ જાય;
નિશી પદમની સ્તુતિ કરે, કુકડ બોલ્યા ત્યાંય. ૧૨૫

અર્થ.

જે કામની ઇચ્છા હોય તેથી કાંઈ ઉલટું થઈ જાય, તે વિષાદાલંકાર કહેવાય. (ઉદાહરણ.) રાતમાં કેડથી સુધું ઉઘાડવાની સ્તુતિ કરેછે, એટલામાંતો ત્યાં કુકડા બોલ્યા, ને સ્હવાર થઈ.

ઉલ્લાસાલંકાર.

ગુણ અવગુણ જ્યં એકથી, અવર ધરે ઉલ્લાસ;
નાહિ સન્ત પાવન કરે, ધરે ગંગ એ આશ. ૧૨૬

અર્થ.

એકના ગુણ અવગુણથી બીજાને ઉલ્લાસ થાય, તે ઉલ્લાસાલંકાર. (ઉદાહરણ.) ગંગાજી એહેવી આશા રાખેછે કે, મ્હારા જળમાં નિર્વિકારી સન્ત નાહિ મુંને પાવન કરશે.

અવજ્ઞાલંકાર.

થાય અવજ્ઞા અવરથી, લાગે ન ગુણ કે દોષ;
પરમ સુધાકર કિરણથી, મિલે ન પંકજ કોષ. ૧૨૭

અર્થ.

એકના ગુણ બીજાને લાગે નહિં અને દોષ લાગે તો તે અવજ્ઞાલંકાર કહેવાય. (ઉદાહરણ.) ચંદ્રમાના અમૃતમય કિરણથી કમળનો કોષ ઉઘડે નહિં; અર્થાત ચન્દ્રમાનુ અમૃતતો કમળને કાંઈ ગુણ કરતું નથી, ને દોષતો પ્રકટ જણાય છે.

અનુજ્ઞાલંકાર.

થાય અનુજ્ઞા દોષને, માનિએ ગુણધારિ;
હોય વિપત જગમાં સદા, હૃદે રહે મુરારિ. ૧૨૮

અર્થ.

જો દોષનો ગુણ માનિયે તો તે અનુજ્ઞાલંકાર થાય. (ઉદાહરણ.) આ સંસારમાં સદા દુઃખ થાય છે, પણ મુરારિ એટલે મુરદૈત્યને મારનાર જે અવતારી શ્રીકૃષ્ણ, તે ચિત્તમાં આવી રહે છે; અર્થાત દુઃખરૂપ દોષમાં હરી સ્મરણરૂપી ગુણ માન્યો છે.

લેશાલંકાર.

ગુણમાં દોષજ દોષમાં, ગુણ કલ્પનાથિ લેશ;
શુકને મધુરી વાણિથી, બન્ધન મળ્યું વિશેષ. ૧૨૯

અર્થ.

ગુણમાં દોષની ને દોષમાં ગુણની કલ્પના કરવી તે લેશાલં-

કર (ઉદાહરણ.) પિપટ મધુરી વાણી બોલીને પાંજરામાં બ-ન્ધીખાનું આવ્યો; અર્થાત મધુરી વાણી જે ગુણ તેથી બન્ધી-ખાનારૂપી દોષ પેદા થયો છે.

મુદ્રાપ્રસ્તુત્યલંકાર.

મુદ્રાપ્રસ્તુતિ પદ વિષે, ન્યારો અર્થ પ્રકાશ;
જાય ભ્રમર કોકિલ સ્થળે, જહાં રસીલી વાસ. ૧૩૦

અર્થ.

એક અર્થ કરતાં બીજા અર્થનો પ્રકાશ થાય, તે મુદ્રાપ્રસ્તુ-ત્યલંકાર. (ઉદાહરણ.) કોયલે કરીને યુક્ત એહેવી જ્યહાં આં-બાની રસીલી વાસ હોય ત્યહાં ભમરો જાય; અર્થાત આંબાનુ પરણન કરતાં ભમરાનુ વરણન થયું એ બીજો અર્થ નિકળ્યો.

રત્નાવલ્યલંકાર.

રત્નાવળિ પ્રસ્તુત અરથ, ક્રમથી બીજાં નામ;
રસિક ચતુરમુખ ભૂમિપતિ, સકળ જ્ઞાનનાં ધામ. ૧૩૧

અર્થ.

જે અર્થ કહેવો હોય તેમાં ક્રમે કરીને નામ બીજાં આ-વે તે રત્નાવલ્યલંકાર. (ઉદાહરણ.) રસિક એટલે શ્રીકૃષ્ણ, ચતુરમુખ એટલે બ્રહ્મા, ભુમીપતી એટલે રૂપ, એ બધા જ્ઞાનનાં ઘરછે; અર્થાત આં નામો કાંઈ અપ્રસિદ્ધ અને ક-લ્પિત આવ્યાં તેથી અલંકાર થયો.

તદ્ગુણાલંકાર.

તદ્ગુણ તજિ ગુણ આપણો, સંગતિ રૂપ ગુણ લેય;
વેસર મૌક્તિક અધર મળિ, પદ્મરાગ છબિ દેય. ૧૩૨

અર્થ.

પોતાનો ગુણ મુકીને સંગતિનો ગુણ લે તે તદ્ગુણાલંકાર. (ઉદાહરણ.) વેસરનું મોતી અધરને મળીને પદ્મરાગ (રતની) શોભાને આપેછે; અર્થાત આં મોતીનો રંગ શ્વેતછે તેમાં હો-ઠનો લાલરંગ પામીને મોતીયે લસણિયાના જેહેવી પીળી કા-ન્તિ ધરી છે.

પૂર્વરૂપાલંકાર.

પૂર્વરૂપ બે સંગ ગુણ, તજિ ફરિ આપણું તેજ;
કર્યે ઉપાયથિ નવ મિટે, તે ગુણ ગણના છેજ. ૨૩૩
સેત શ્યામ શિવ કંઠ પર, જણુ યશ ઉજ્જ્વળ હોત;
દીપ હોલવ્યો તો દિપે, રશના મણિ ઉદ્યોત. ૨૩૪

અર્થ.

પૂર્વરૂપાલંકારના બે પ્રકારછે. પહેલો કોઈ ગુણથકી પોતાનું રૂપ બદલાઈ ગયું હોય, તે મિટીને પાછું પોતાનું સ્વસ્વરૂપ થાય તે. (ઉદાહરણ.) શિવ બોલાછે તે શિવજીને કંઠે વીંટાયો ત્યારે કંઠમાં ઝેરછે તેની અસરથી શ્યામ થયા, તથાપી પોતાના જશથીતો તે શ્વેતજ છે. ત્યાં એ પ્રથમપૂર્વરૂપાલંકાર થયો. બીજો જે ગુણ મિટવાને માટે ઉપાય કર્યો હોય તોપે પણ તે ગુણ ન મિટે તે. (ઉદાહરણ.) ધણીએ દીવા હોલવી નાંખ્યો, ત્યારે સ્ત્રીયે પોતાના કેડના ઘરેણામાં મણીઓ હતી તે ઉઘાડી કરી. ત્યારે તેનો પ્રકાશ પડતો રહ્યો; એથી પહેલાં દીવાનું અજવાળું હતું તે જતાં પાછું રત્નોનું અજવાળું થયું, અર્થાત અજવાળું કાયમનું કાયમ રહ્યું તેથી એ અપરપૂર્વરૂપાલંકાર થયો.

અતદ્ગુણાલંકાર.

અતદ્ગુણ સુસંગતિ થયે, જબ ગુણ લાગે નાહિં;
પિયુ અનુરાગી ના થયો, વરી રાગિ મનમાંહિં. ૨૩૫

અર્થ.

સંગતિ થાય તેનો ગુણ લાગે નહિ ત્યારે અતદ્ગુણાલંકાર થાય. (ઉદાહરણ) નાયકા કહેછે કે રાગી એટલે સ્નેહે ભર્યું મ્હારૂં મન છે, તેમાં રહિને મ્હારો પતિ સ્નેહી ન થયો; અર્થાત હું સ્નેહ ભર્યા મનમાં રાખુંછઉં, તોપે પણ તેનો મ્હારા ઉપર સ્નેહ થાતો નથી.

અનુગુણાલંકાર.

અનુગુણ જબ સંગતિ થકી, પૂરે ગુણો સરસાય;

મૌક્તિકમાળ ઉર હાસ્યથી, અધિક શ્વેત થઈ જાય.૧૩૬

અર્થ.

કોઈની સંગતિથી પોતાનો આગલો ગુણ જ્યારે વધે ત્યારે તે અનુગુણાલંકાર થાય. (ઉદાહરણ.) મોતીની માળા હૈયાના હાસ્યથી વધારે શ્વેત થઈ ગઈ. હાસ્યનો રંગ શ્વેત જાણવો.

મિલિતાલંકાર.

મળતું તે સાદૃશ્યથી, ભેદ જુદા ન જણાય;
અરુણ વરણ સ્ત્રી ચરણપર, અળતો લખ્યો ન જાય.૧૩૭

અર્થ.

પોતાના જેવા સાથે જ્યારે ભેદ ન જણાય ત્યારે તે મિલિતાલંકાર કહેવાય. (ઉદાહરણ.) રાતાં પગતળાં ઉપર અળતાનો રંગ દીધો છે તે કાંઈ કહેવામાં આવતો નથી; અર્થાત્ ભેદ જણાતો નથી.

સામાન્યાલંકાર.

સામાન્યજ સાદૃશ્યથી, જાણ પડે ન વિશેષ;
નહીં ફેર કંઈ કમળને, સ્ત્રી લોચન અનિમેષ. ૧૩૮

અર્થ.

સરખી વસ્તુથી પોતે વધારે ન જણાય ત્યારે સામાન્યાલંકાર કહેવાય. (ઉદાહરણ.) પાંપણો ઊંચી નીચી ન કરનારી એટલે એક દૃષ્ટિયે જોનારી સ્ત્રીની આંખો, અને કમળ, એમાં કાંઈ ફરક જણાતો નથી; અર્થાત આંખો સામાન્ય છે અને કમળ સાદૃશ્ય છે તેમાં કાંઈ વધતું ઓછું જણાતું નથી.

ઉન્મિલિતાલંકાર.

ઉન્મિલીત સાદૃશ્યથી, ભેદ સ્ફુરે તવ માન;
જય ગિરિ આગળ હિમગિરી, આલિંગેનું સુજાણ. ૧૩૯

અર્થ.

એક વસ્તુ પાસે સમાન બીજી વસ્તુ છે, તે સાથે જો કાંઈ ફેર જણાય તો ઉન્મિલિતાલંકાર કહેવાય. (ઉદાહરણ.) કીર્તિનો પર્વત, અને હિમાળા પર્વત, એ બેની વચ્ચે ફેર

જ્યહારે હાથથી સ્પર્શ કરિયે ત્યહારેજ જાણવામાં આવે; અર્થાત તે બન્નો ઉજળા છે પણ હિમાળ પરવત તે શીતળ છે.

વિશેષકાલંકાર.

આજ વિશેષ્ય વિશેષ નહિ, સ્ફુરેજ સમતામાંજ;
સ્ત્રીમુખ ને પંકજ ઓળખે, શશિ દરશામુખી સાંજ. ૧૪૦

અર્થ.

વિશેષ્ય અને વિશેષ બે સમાન છે, તે બન્નોનું જુદેજુદું ભાન થાય તે વિશેષકાલંકાર. (ઉદાહરણ) સ્ત્રીનું મુખકમળ અને કમળ ક્યહારે ઓળખાય કે સાંજના ચન્દ્રમા દેખાય ત્યારે; અર્થાત કમળ તો સાંજે બિડાઇ જાયછે ને સ્ત્રીનું મુખતો રાતને દિવસ પ્રફુલિત રહેછે.

ગુઢોત્તરાલંકાર.

ગૂઢોત્તર કંઇ ભાવથી, ઉત્તર દીધે હોય;
ત્યહાં નેતર તરૂમાં પટકિ, ઉતર્યા લાયક તોય. ૧૪૧

અર્થ.

કોઇ બીજા કામના ભાવથી ઉત્તર દેવો તે ગુઢોત્તરાલંકાર. (ઉદાહરણ.) એક પટકિયે (પ્રવાસી.) પુછ્યું કે નદીમાં ઉતરાય એમ છે, ત્યહારે તેહેને કોઇ સ્ત્રીયે ઉત્તર આપ્યો કે, પેલી તરફ જ્યહાં નેતરનાં ઝાડછે ત્યહાંથી નદી ઉતરવાલાયક છે; અર્થાત ઊંડી નથી, પણ ખરો અભિપ્રાય તો એછે કે, એ નેતરનાં ઝાડમાં જજો એટલે હું તેહેને મળીશ અને મોજ માણીશ.

ચિત્રાલંકાર.

એક વચનમાં પ્રશ્ન ને, ઉત્તર ચિત્ર ભાળ;
ચંદ્ર ચંદ્રિકા અતિ રુચિર, આશો માસ રસાળ. ૧૪૨

અર્થ.

જે વચનવડે પ્રશ્ન પુછ્યો હોય તેજ વચનમાં જ્યહારે ઉત્તર સમાઇ રહ્યો હોય ત્યહારે ચિત્રાલંકાર જાણવો. (ઉદાહરણ.) જેમ કોઇયે પુછ્યું કે ચંદ્રનું ચાંદરણું ઘણુંજ સુંદર છે

અહુંચો રસાળ માસ આશો છે, તો તેનો ઉત્તર એજ પ્રશ્ન-
માંથી મળ્યો કે આશો માસ.

સુક્ષ્માલંકાર.

સુક્ષ્મપર આશય લહી, સાને કહે સમઝાવિ;
મેં દીઠી સ્ત્રી શિર મણી, કેશે કરિ ઢપાવિ. ૧૪૩

અર્થ.

પારકો આશય સમજીને કાંઈક તેનો ભાવ સંકેતમાં જણા-
વ્યો તે સુક્ષ્માલંકાર. (ઉદાહરણ.) મેં દીઠું કે માથે સ્ત્રી-
ના મણી છે તે વાળે કરીને ઢંકાવ્યો; અર્થાત કોઈ કામી
પતિએ રસ્તે જતાં કોઈ રીતે સ્ત્રીને જણાવ્યું કે આપણે ક્યારે
મળશું, ત્યારે સ્ત્રીએ પોતાના માથાપર મણી હતો તે વાળમાં
ઢાંકી દીધો, જેથી તે ઉપપતિ સમજ્યો કે, સૂર્ય આથમશે ત્યારે
એટલે રાત્રીએ અંધારે મળશું.

પિહિતાલંકાર

પિહિત છાંનિ પરવાતનો, ભાવ દાખવે ધારિ;
અરુણ ઉદય પતિ આવિયો, હસિ ચાંપે પગ પ્યારિ. ૧૪૪

અર્થ.

પારકી ગુપ્ત વાત સમજીને તેનો ભાવ દેખાડે તે પિહિ-
તાલંકાર. (ઉદાહરણ.) રાતે કોઈ સ્ત્રીની સાથે રમીને પરોઢિયે
પતિ આવ્યો, તે સમજીને સ્ત્રી હસતાં હસતાં પગ ચાંપવા
લાગી; અર્થાત રમીને આવ્યો તે થાક્યો હશે તેવો ભાવ જ-
ણાવી આપ્યો.

વ્યાજોક્ત્યલંકાર.

વ્યાજોક્તી કહાં અવર વિધિ, કહે ગુપ્ત આકાર;
સખિ શુકનાંછે ક્રમે યો, દંતુડિ જાણિ અનાર. ૧૪૫

અર્થ.

કોઈ બીજી રીત કહીને પોતાનાં કર્મનો આકાર છુપાવી
રાખવો તે વ્યાજોક્ત્યલંકાર. (ઉદાહરણ) સ્ત્રીના હોઠ ઉપર

પતિના દાંત વાગેલા ત્હેના આંકા પડ્યા છે, તે ઉપરથી સખીયે પૂછ્યું કે આ હોઠ ઉપર શું થયું છે. ત્હારે ત્હેણે કહ્યું કે આળિની મ્હારા પોથીથી રંગેલા રાતા દાંતને પોપટ ડાડમના દાણા જાણીને ચાંચ મારી તે હોઠને વાગી ત્હેના ડાઘ પડી રહ્યા છે.

ગૂઢોક્ત્યલંકાર.

ગૂઢોક્તી તે અવરથી, કરિયે પર ઉપદેશ;
સખી કાલ હું તો જઇશ, પુજવા દેવ મહેશ. ૧૪૬

અર્થ.

સમજાવવું હોય કોઇને, ને બોલવું કોઇ બીજા સાથે થાય ત્હારે ગૂઢોક્ત્યલંકાર થાય. (ઉદાહરણ.) સખી સખીને કહે છે કે હે સખી કાલે હું મહાદેવની પુજા કરવા જઇશ; અર્થાત પોતાનો પરકિય નાયક પાસે છે ત્હેને સમજાવ્યું કે હું મહાદેવના દેહરામાં ત્હને મળીશ.

વિવૃતોક્ત્યલંકાર.

શ્લેષ છુપેલું પ્રકટ કરે, વિવૃતોક્તિ છે નામ;
શિવ પુજતાં કહ્યું સાનમાં, હવે વસો ચિત ધામ. ૧૪૭

અર્થ.

છુપેલા પદાર્થને શ્લેષે કરીને પ્રકટ કરવો ત્હેનું નામ વિવૃતોક્ત્યલંકાર. (ઉદાહરણ.) એક સ્ત્રિયે શિવજીની પુજા કરતાં એમ કહ્યું કે હવે મ્હારા ચિત્તરૂપી ઘરમાં વસો, એથી તે સ્ત્રીનો ઉપપતિ આવ્યો હતો ત્હેને એમ સમજાવ્યું જે હમણાં ઘરમાં માણસો છે, માટે આ ઘરમાંથી નીકળી જઇ મ્હારા ચિત્તરૂપી ઘરમાં વસો; અર્થાત મ્હારા ચિત્તરૂપી ઘરમાંજ રહો, અને આ ઘરમાંથી ખસી જાઓ, એહેવો છુપેલો અર્થ શ્લેષે કરીને પ્રકટ જણાવ્યો છે.

યુક્ત્યલંકાર.

કાંઇ ક્રિયા કરવા થકી, જે મન મર્મ છુપાવિ;
પિયુ જાતાં આંસુ વહ્યાં, પૂછે નયન ક્યાવિ. ૧૪૮

અર્થ.

કોઈ ક્રિયા કરવાથી પોતાનો મર્મ છુપી જાય તે યુક્ત્યલંકાર. (ઉદાહરણ.) પોતાનો ધણી પરદેશ જતી વેળા સાસુ નણંદ દેખતાં સ્ત્રીના આંખમાં આંસુ આવી ગયાં, તે પોતાનું ચિન્હ છુપાવવાસારૂ આંખો ઠરાવીકરીને સાસુ નણંદને કાંઈ બીજી વાત પુછવા લાગી.

લોકોક્ત્યલંકાર

લોકોક્તી કહું બોલવું, લઈને લોક પ્રવાદ;
નયન મિચી ખટમાસ લગિ, સહિયે વિરહ વિશાદ. ૨૪૯

અર્થ.

લોકમાં કેટલીક વાતો કહેવાય છે તે લઈને બોલવું તે લોકોક્ત્યલંકાર. (ઉદાહરણ.) છ મહિના આંખો મીચીને વિરહનું દુઃખ સહિયે; અર્થાત આંખો મીચીને સહિ લેયે એમ લોકમાં કહેવાય છે.

છેકોક્ત્યલંકાર.

લોકોક્ત્યજ કંઇ અર્થથી, છેકોક્તી તું પ્રમાણ;
જે ગાયોને વાળતો, તેજ ધનંજય જાણ. ૨૫૦

અર્થ.

લોક કહેછે એહવા કાંઈ અર્થથી જે વાત બને તે છેકોક્ત્યલંકાર. (ઉદાહરણ.) જે ગાયોને વાળે તેજ અર્જુન જાણ. અર્થાત લોકમાં કહેવાયછે કે, જે ગાયોને વાળે તેજ ગોવાળ, તેમ આ ઠેકાણે અર્જુન એહવાજ અર્થમાં લીધોછે.

વક્રોક્ત્યલંકાર.

વક્રોક્તી કહું શ્લેષથી, અર્થ ફરન્તો હોય;
રસિક અપૂરવ છો પિયૂ, પૂરું કહે ન હોય. ૨૫૨

અર્થ.

કાંઈક શબ્દને શ્લેષે કરીને અર્થ ફેર થાય તે વક્રોક્ત્યલંકાર. (ઉદાહરણ.) નાયકા નાયકને કહેછે કે, તમારા સ્નેહેથી રસિક થયો

નથી, અહેવા ત્હમે રસિક એટલે રસના ભોક્તાઓ, તેથી ત્હ- મને સર્વે રસિક કહેછે, પણ કોઈ ભૂરૂં કહેતા નથી; હવે ભૂ- રૂં (ખાંડ ધોયલીનું.) તે સારા અર્થમાં છે તેમજ નઠારૂં તે અર્થમાં પણ છે, અર્થાત ત્હમે નરસા મનુષ્યો, એમ શ્લેષથી અર્થ કર્યા માટે વક્રોક્તિ થઈ.

સ્વભાવોક્ત્યલંકાર.

સ્વભાવોક્તિ તે જાણિ જે, વરણન જાતિ સુહાય;
હસિ હસિ ઠળિ જાતિ ફરિ હસતિ, મુખ મરડી ઇતરાય. ૧૫૨

અર્થ.

જે કોઈ જાતી સ્વભાવનું વરણન કરવું તે સ્વભાવોક્ત્યલં- કાર. (ઉદાહરણ.) હસતી હસતી ઢળી જાયછે ને વળી ફરીને હસેછે, અને મુખ મરડી અભિમાન દેખાડે છે. અર્થાત એ સ્ત્રીનો જાતી સ્વભાવછે.

ભાવિકાલંકાર.

ભાવિક ભૂત ભવિષ્યમાં, દેખાડે પ્રત્યક્ષ.
વૃન્દાવનમાં આજ પણ, લીલા જો દૈ લક્ષ. ૧૫૩

અર્થ.

જે ભૂત તે ભવિષ્યમાં પ્રત્યક્ષ દેખાડે તે ભાવિકાલંકાર. (ઉદાહરણ.) આગળ જે લીલા વૃન્દાવનમાં થઇ હતી, તે ત્યહાં જઇ લક્ષ દઇને આજ જો; અર્થાત આજ પણ દેખીશ.

ઉદાત્તાલંકાર.

વ્યાપી અપલક્ષણ અધિક, શોધે હોય ઉદાત;
વશ જ્હેને ત્હેની ત્હમો, સુણો ન કહે કહે વાત. ૧૫૪

અર્થ.

અપલક્ષણ ઠરાવીને વળી વધારે શોધિયે તે ઉદાત્તાલંકાર. (ઉદાહરણ.) ત્હમે જ્હેને વશ થયાછો ત્હેની કહેવી કહેવી વાતો સાંભળતા નથી; અર્થાત ત્હેની કોઇક વાતો મ્હારા વિશે વાંકોયે પણ સાંભળતા હશોજ એહેમાં શું ફેર.

અત્યુક્તાલંકાર.

અલંકાર અત્યુક્ત તે, વરણું અતિશય રૂપ;
યાચક કલ્પ તરૂ થયા, ત્હારા દાનથિ ભૂપ. ૨૫૫

અર્થ.

જે ઠેકાણે અતિશય બોલાય તે અત્યુક્તાલંકાર. (ઉદાહરણ.) હે રાજન ત્હારા દાનથી યાચક કલ્પવૃક્ષ થઇ ગયા; અર્થાત તેઓ પણ કૈક ઠેકાણે દાન કર્યાજ કરેછે.

નૈરૂક્તિકાલંકાર.

તે નિરૂક્ત કંઇ જોગથી, અર્થ કલ્પના હોય;
ઉદ્ધવ કુબજા વશ થયા, તે નિર્ગુણ કયમ ન્હોય. ૨૫૬

અર્થ.

જ્યહારે કોઈ સંયોગથી અર્થની કલ્પના આવે એહેવું બોલાય ત્યહારે નૈરૂક્તિકાલંકાર થાય. (ઉદાહરણ.) હે ઉદ્ધવ એ કૃષ્ણ કુબજાને વશ થયા, તેથી એહેમાં કાંઈ ગુણ નથી એ ખરેખરૂંછે; અર્થાત નિરગુણ શબ્દનો બીજી રીતે એવો અર્થ કર્યો.

પ્રતિષેધાલંકાર.

તે પ્રતિષેધ પ્રસિદ્ધ જ્યં, અર્થ નિષેધ્યો જાય;
મોહન કર મોરલિ નથી, છુરી બલા દરશાય. ૨૫૭

અર્થ.

જે પ્રત્યક્ષ અર્થને ઉડાવીને બીજો અર્થ કરે તે પ્રતિષેધાલંકાર. (ઉદાહરણ.) આ મોહનના હાથમાં મોરલી નથી, એતો નઠારી બલા દેખાયછે; અર્થાત મોરલી મોહ ઉપજાવનારીછે ત્હેને બલા કહિ.

વિધ્યલંકાર.

અલંકાર વિધિસિદ્ધ જ્યં, અર્થ સાબિત સાર;
કોયલ તે કોયલ ખરી, ઋતુમાં કરે પુકાર. ૨૫૮

અર્થ.

જે અર્થ કરીને વિધિસિદ્ધ થાય તે વિધ્યલંકાર. (ઉદાહરણ.)

કોયલ તે કોયલ ત્હારેજ જો વસન્તરૂતુમાં બોલે તો, એટલે વસન્તરૂતુમાં આંબાનો મોર આવે ત્યારે કોયલ ખાયછે, ત્યારેજ ત્હેના કંઠમાં મધુરતા આવે; એ શિવાય બીજી રૂતુમાં કાંઈ ત્હેનો સ્વર મધુર લાગતો નથી.

હેત્વાલંકાર.

હેતુ અલંકૃત હોય જ્યં, કારણ કારજ સંગ;
ઉપજે કારણ કાર્ય જહાં, એક વસ્તુને અંગ. ૧૫૯
ઉદિત થયો શશિ માનિની, માન વિડારણ જાણ;
મ્હારે રિદ્ધિ સમૃદ્ધિ તો, ત્હારી કૃપા પ્રમાણ. ૧૬૦

અર્થ.

હેત્વાલંકાર બે પ્રકારનોછે. પ્રથમ કારણ, ને કાર્ય એક વસ્તુના અંગમાં પેદા થાય તે દ્વિધાંગહેત્વાલંકાર. (ઉદાહરણ.) હે માનવાળી જો આ ચંદ્ર ઉદય થયો તે ત્હારા માનને મટાડનારો જાણ; ત્હારામાં જે મુખના રૂપથી ઘણું માન થયું તે કાર્યછે, અને મુખ કારણછે, તે થકી ચંદ્રમા ઘણો સુંદર દેખાયછે માટે ત્હારૂં માન ગયું એમ જાણ. બીજો કારણ ને કાર્યનું એક અંગ થાય તે એકાંગહેત્વાલંકાર. (ઉદાહરણ.) મ્હારેતો રિદ્ધિ અને સમૃદ્ધિ એક ત્હમારી કૃપાજછે, કે જેહેને હું વખાણુંછઉં; અર્થાત એક કૃપાછે એજ રિદ્ધિ અને સમૃદ્ધિછે, હવે કૃપા કારણ ને રિદ્ધિ સમૃદ્ધિ કાર્યછે, ત્હેનો અંતરભાવ એક કૃપામાંજ થાયછે.

છેકાનુપ્રાસાલંકાર

આવૃતિ વરણ અનેકની, બબ્બે વારજ હોય;
છે છેકાનુપ્રાસ સ્વર, સમતા વિનાજ સોય. ૧૬૧
અન્જન લાગ્યું છે અધર, બાકિ નયન પર પીક;
મૌક્તિ માલ ઉલટી પ્રકટ, કઠિણ હૃદય પર ઠીક. ૧૬૨

અર્થ

ઘણા એક અક્ષરોની આવૃત્તિ બબ્બે કે વધારેવાર આવે,

અથવા સ્વર ન મળતા આવે ને વ્યંજનજ મળતા આવે, તે છેકાનુપ્રાસાલંકાર કહેવાય. (ઉદાહરણ.) બે અ, બેણ ન, બે ટ, બે લ, બે ઠી, એ રીતે ઉપલા દોહરામાંહે તે અક્ષરો સમજી લેવા, અને બીજો અર્થ જે છે તેતો પ્રકટજ છે. હવે મૂળાર્થ ખંડિતા નાયકા કહેછેકે હોઠઉપર અંજન લાગ્યુંછે, અને આંખ ઉપર લાલ તમ્બોળ લાગ્યુંછે, તેમજ મોતીની માળા જેથી કઠિણ છાતી ઉપર ઠીક ઉપડી આવીછે.

લાટાનુપ્રાસાલંકાર.

તે લાટાનુપ્રાસ જવ, પદનિ આવૃતિ હોય;
શબ્દ અર્થના ભેદથી, ભેદ વિનાના સોય. ૧૬૩
પિયુ નિકટ જેહને નહીં, ઘામ ચાંદની તેય;
પિઉ નિકટ જેહને સખી, ઘામ ચાંદની હેય. ૧૬૪

અર્થ.

જ્યહારે ચરણની આવૃત્તિ થાય, ને ત્હેમાં કાંઈ શબ્દ કે અર્થનો ભેદ પડતો હોય, વા ન પડતો હોય. ત્યહારે લાટાનુપ્રાસાલંકાર કહેવાય. (ઉદાહરણ.) દોહાનું પહેલું અને બીજું ચરણ સરખું આવ્યું, ને ત્હેમાં એક શબ્દના ફેરથી અર્થ બીજી રીતનો થયો. હવે મૂળાર્થ જે એનો ધણી પાસે નથી ત્હેને અજવાળી રાત ખરા બપોરના ઘામ જેહવીછે, ને હે સખી જ્હેનો ધણી પાસેછે ત્હેને ખરા બપોરની ગરમી પણ અજવાળી રાત જેહવી શીતળછે.

યમકાનુપ્રાસાલંકાર.

યમક શબ્દ પુનરૂક્તિ પણ, અર્થ જુદોજ પ્રમાણ;
આરતની આરત સુઘડ, સુઘડ પતિથી માણ. ૧૬૫

અર્થ.

જ્યહારે બે શબ્દ સરખા આવે ને ત્હેનો અર્થ જુદો થતો હોય, ત્યહારે યમકાનુપ્રાસાલંકાર જાણવો, (ઉદાહરણ,) હે સુઘડ આ વસન્તરૂતુની સઘળી આરતો એટલે મનના કોડ, તું

સુઘડ પતી સાથે રમણુ પુરાંપાક આ કોઈ ધર્મ બોધક ક-વિનું વસન્તરતુમાં છાંકેલા ફુમ્મડ વિરહીને કહેવુંછે. આરત આરત એ શબ્દો બેવડાયાછે તે યમકછે, કેમકે ત્હેના અર્થ જુદા જુદા થાયછે; આરત એટલે આ રતુ અને બીજી વારનું આરત તે મનના કોડ.

વૃત્યાનુપ્રાસાલંકાર.

પ્રતિ અક્ષર આવૃત્તિ કહું, વૃત્તી ત્રિવિધ પ્રમાણ;
મધુર વરણ જ્હેમાં સવી, ઉપ નાગરિકા જાણ. ૧૬૬
બીજે પુરૂષા કહે સઉ, જ્હેમાં બહુ સમાસ;
વણ સમાસ જ્યહાં મધુરતા, કહે કોમળો હ્લાસ. ૧૬૭
ઘનઘોર થતાં ઘરમાં રમાં, મુગ્ધા કામાવેશ;
પિયુ પરદેશ અદેશ આ, આવે નહિં સંદેશ. ૧૬૮
કોકિલ ચાતક ભ્રંગ કુળ, કેકી કહિણ ચકોર;
સ્હોર સુણી ધડક્યું હૃદય, કામ કટક અતિ જોર. ૧૬૯
ઘન વરષત દામિનિ દમક, દશ દિશ નીર તરંગ;
દમ્પતિ હૃદય હુલાસથી, અતિ સરસાય અનંગ. ૧૭૦

અર્થ,

આ વૃત્યાનુપ્રાસાલંકારના ત્રણ પ્રકારછે. પ્રથમ જ્હેમાં સઘળા મધુર અક્ષરો આવે ત્હેનું નામ ઉપનાગરિકાનુપ્રાસ; હવે મધુર અક્ષરો એટલે કકારથી તે મકાર સુધી, અને ર-કાર તથા વકાર લઘુ આવે, ને ટઠડઢણ એ અક્ષરો ન આવે, ત્યહારે મધુર વર્ણ કહેવાય. મૂળાર્થ. વરસાદની તો ઘટા છવા-ઈ ત્હેવામાં રમાં નામ સ્ત્રી તે ન્હાની અવસ્થામાં છે, અને ત્હેનો ધણીતો પરદેશછે, ને ત્હેનો સંદેશો પણ આવતો નથી એ સારૂં નહિં; અર્થાત મ્હેનો પતિ મ્હેનો પાસેજ જોઇયે. બીજી. જ્હેમાં ઘણો લાંબો સમાસ આવે તે હિર્વે સમાસા-નુપ્રાસ જાણવો. (ઉદાહરણ.) કોયલ, બપૈયા, ભમરા, મોર, ચકોર ત્હેના સમૂહનો કઠણ નાદ સાંભળીને હૈયું ધડકી ગયું;

જાણે અતિશે કામના કષ્ટનું જોર કેમ ન થયું હોય. ભૌગી. અભાસ ન્હાના હોય અને વર્ણનમાં મધુરતા આવે ત્હારે કોમળોલ્હાસાનુપ્રાસ જાણવો. (ઉદાહરણ.) નવ વરસતાં વિજળી ઝાબી રહિછે, અને દશ દિશામાં પાણીના તરંગ ઉછળી રહ્યાછે. તે વખત ઘણી પતિવ્યાણીના મનમાં કામદેવ અતિસે રસ ઉપજાવેછે.

પરસ્પર ભ્રાન્ત્યાલંકાર.

ભ્રાન્તી હોય પરસ્પરે, તોજ પરસ્પર ભ્રાન્ત;
ગ્રંથ કુવલયાનન્દમાં દીઠો નવિન વૃતાન્ત. ૧૭૧
પલાસ વૃક્ષે શુક તણી, ચાંચ કુસુમ સુવિચારી;
ભ્રમર જતાં શુક ચાખ્યપ, શું ચહ્યું ફળધારિ. ૧૭૨

અર્થ.

જ્હારે પરસ્પર એટલે એક બીજાને ભ્રાન્તી પડે ત્હારે પરસ્પરભ્રાન્ત્યાલંકાર થાય. આ અલંકાર કુવલયાનંદ નામના ગ્રંથમાંથી નવિન એટલે આ ગ્રંથમાં ન આવેલો જાણી વરણવ્યોછે. (ઉદાહરણ.) આમ્બરના ઝાડ ઉપર એક પોપટ બેઠો હતો, ત્હેની ચાંચને ભમરાએ ફુલ જાણી ત્હેની સુવાસ લેવાને ગયો; તેમજ તે આમ્બરના ઝાડ ઉપર જાંબુડાનું ઝાડ હતું, તેથી પોપટે એમ જાણ્યું જે, આ પાકું જાંબુનું ફળ પડ્યું તે કેમ જવા દઉં, એમ ધારીને તેણે ચાંચવતી ભમર ને પકડ્યો; એમ પરસ્પર ભ્રાન્તી થઈ.

સુસિદ્ધાલંકાર.

સાધિ સાધિજ આપરમે, અવર ભોગવે સિદ્ધિ;
ત્હેને કહે સુસિદ્ધ સૌ, કવિકુળ બુદ્ધિ સમૃદ્ધિ. ૧૭૩

અર્થ.

સાધન સાધી મરે બીજા, અને તેનું ફળ કોઈ બીજા ભોગવે ત્હારે બુદ્ધિ માન કવિઓ ત્હેને સુસિદ્ધાલંકાર કહેછે. એ અલંકાર કવિપ્રિયામાંથી નવિન જાણી વરણવ્યોછે.

(ઉદાહરણ.)

(છપ્પય વૃત્ત.)

ભમરિ સંચિ બહુ મરે, સ્વાદ લેતાં માનવિ સુખ,
ખણિ ખણિ મરે મજુર, કૂપ જળ પિએ પંથિ સુખ.
માળિ મસાગત કરે, પુષ્પ પરિમલ લે નરવર;
લડિ લડિ મરતાં સૈન્ય, ભુપ પાતાળ કીર્તિ કર,
ભૂષણ સોની ઘડિ ઘડિ મરે, ભામિનિતન શોભા કરણ,
કહે દલપતિ લેખક લખિ મરે, પન્ડિત લહે સુઅર્થ ગુણ. ૧૭૪

અર્થ.

મધમાખી મધ સાંચી મરે પણ મધનો ખરો સ્વાદ માણસ ભોગવેછે, મજુરો કૂવા ખોદી મરેછે પણ તેનું સુખ પરભાત મસાફરો ભોગવેછે, માળી મેહેનત કરી મરેછે પણ ફૂલનો સુવાસ ભોગવનાર જે રસિક તે લોકો લશ્કરી લડી લડીને મરે પણ કીર્તિ તો રાજાનીજ કહેવાય. સોની લોકો ઘરેણાં ઘડી ઘડીને મરે છે પણ શોભાનો સ્ત્રીના અંગને આપેછે તેમજ કવિ દલપતિરામ કહેછે કે લહિયા લોકો લખી લખીને મરે પણ તેહેનાં ગુણાર્થ તો પંડિતજ જાણેછે.

ગ્રંથકરતાની નમ્રતા.

આ ભાષાભૂષણ રચ્યું, પન્ડિત સુજન વિચારિ;
જો ચુક્યો કંઈ હોઉં તો, લેજો સુકવિ સુધારિ. ૧૭૫

ગ્રન્થપ્રયોજન.

અલંકાર બહુ અર્થના, કહ્યા એકસો આઠ;
ગુર્જર ભાષામાં પ્રકટ, કરવે જોયા પાઠ. ૧૭૬
ચક્રવર્તિ જયદેવ કૃત, ચન્દ્રાલોક યશસ્વિ;
ભાષાભૂષણ તે થકી, જન્મ પામ્યું તેજસ્વિ. ૧૭૭
મારવાડમાં જોધપુર, જસવન્તસિંહ નરેશ;
વિચારિ શબ્દ અલંકૃત પૂર્ણ પ્રેમ આદેશ. ૧૭૮
ભાષાન્તર તેઉપરથી, ધર્યું ગ્રન્થ એ નામ;

ભાષાભૂષણ ગ્રુંથી, ગુણિજન રંજન કામ. ૧૭૯
અલંકારના સંયોગથી, શબ્દાલંકૃતિ સોય;
તિલકથકી સાધારણું, લક્ષણ ઉજ્વળ હોય. ૧૮૦

ગ્રંથ સમાપ્તિ.

ગીતિ વૃત્ત.

વિક્રમ સંવત સહસ્ર, નવસો ઓગણત્રીશ જ્યેષ્ઠ માસે;
શુદ્ધ પક્ષ દ્વિતિયાએ, ગ્રન્થ ઉદય ચંદ્ર ચંદ્રિકા ભાસે. ૧૭૯
સૂર્યપુર આવણુમય, ત્યાં કવિ દલપતિ સદાનંદ કરતો;
સ્વાર્થ અને પરમાર્થ, પર પ્રભુ આપે સદૈવ પ્રિય રચતો. ૧૮૦

સમાપ્ત.

ગીતી વૃત.

વીર ચરિત્ર વિચારી, ધર્માર્થ પ્રકટ પ્રકટ વાણિ કરિ;
દલપતિ દેશ કળા જય, ધરા ધરા રણના યશકિર્ત વિસ્તારે. ૧

श्री वीरचरित्र प्रारम्भ.

મંગળાચરણ.

પદ.

રામચંદ્ર રઘુવીર, જયજય રામચંદ્ર રઘુવીર. એ રાગે ગાવું.

અખન્ડાનન્દ અપાર, જયજય જગ જન સરજનહાર. અ. ટેક.
પ્રણવમન્ત્ર માત્રા ત્રણુ આદી, અકાર ઉકાર મકાર. જય. અ. ૧
સર્વેશક્તિમાતા કવિ ગાતા, વાણી ચાર પ્રકાર. જય. અ. ૨
નામ પરા પશ્યંતિ મધ્યમા, વૈખરિ પ્રાણાધાર. જય. અ. ૩
વાણીચરિથી વિશ્વ સકળમાં, ચાલે પ્રિય વ્યવહાર. જય. અ. ૪
ગણાધિપ હશ મન્દ્રિય સ્વામી, સિદ્ધિ બુદ્ધિ સહ સાર. જય. અ. ૫
પંચ તત્વ, પંચાયતન પૂજા, સાની જ્ઞાન વિચાર. જય. અ. ૬
પંચાયતન શિવ શક્તિ ગણાધિપ, ભાનુ વિષ્ણુ વિસ્તાર. જય. અ. ૭
ત્રિગુણપંચ સૃષ્ટી ઉત્પત્તી, પાલકને સંહાર. જય. અ. ૮
આદી કારણ અવ્યક્ત હ્લપતિ, માતા કાર્ય વિચાર. જય. અ. ૯
મિથ્યા જગ સંહરણ કરંતા, ત્રિલોચન પામે પાર. જય. અ. ૧૦
કાર્ય કારણથી ઉત્પત્તી, કર્માધિન વિસ્તાર. જય. અ. ૧૧
પ્રથમ ધર્મ શુભ અર્થ કામના, મોક્ષ પદારથ ચાર. જય. અ. ૧૨
ધર્માર્થાદિક ચારમાં આદી, ધર્માર્થ પ્રકટ સરદાર. જય. અ. ૧૩
આદી આર્ય પ્રતાપિ ગવાતા, ઇંદ્રાદિક પાંડુ કુમાર. જય. અ. ૧૪
ચક્રવર્તિ પદ ઇન્દ્ર અધિક પદ, અધિક અધિક અધિકાર. જય. અ. ૧૫
કલ્પવૃક્ષ ઇન્દ્રાસન હ્લપતિ, અક્ષયપાત્ર વિચાર. જય. અ. ૧૬
સોળકળા મંગળાચરણ ભજું, જય યશ પૂરણહાર. જય. અ. ૧૭

વીરચરિત્ર રૂપક. ૧.

ગરબો.

ગોકુળિયે લઈ ચાલો, ઓધવરાજ હમને. એ રાગે.

વિનતિ વિરાનિ વિચારો, હો પ્યારા આર્ય દેશી;
જ્હાં જ્ઞાન ત્હાંનું વિચારો, હો પ્યારા આર્ય દેશી. ટેક.
સ્મરણ કરવતા જ્ઞાન ઘટાકર, વેદ વેદાંગ વિચારો. હો. જ્હાં. ૧
પુરાણનો ભેદ પુરાણું બતાવે, તે ઇતિહાસ વિચારો. હો. જ્હાં. ૨

કાબ્રકળા ચિત્ર ભંગ ન આવે, જન પ્રિય હિત ત્યાં વિચારો. હો. જોહાં. ૩
પ્રતિમા ચિત્રકળા શુદ્ધ બુદ્ધે, શુભ રૂપ કીર્તિ વિચારો. હો. જોહાં. ૪
રામાયણ જય ભારત રંગી, પુસ્તકમાં ચિત્રકારો. હો. જોહાં. ૫
લોક હસે કુતરાં ક્યહાં ભસાવો, આ ઢંગ નોય તમારો. હો. જોહાં. ૬
ભરતખંડ ગોખિયા ખંડ ભાળો, જાડું રચે ચિત ધારો. હો. જોહાં. ૭
ધરતી કૂટમાં ઘર ખોદ બેઠા, અધ થશે દેખુ ધારો. હો. જોહાં. ૮
શરિરનો રક્ષક શરિર ડરાવે, પશુકરતાં ચિત હારો. હો. જોહાં. ૯
પશુને હાનકરી દાન ન્હેરો, તમ પાસે તે ન મારો. હો. જોહાં. ૧૦
સારૂં થયું રાજ્યકર્તાથિ મૂક્યે, બાકિ નથી જયનારો. હો. જોહાં. ૧૧
જાનમન હરખમાં વૃદ્ધિ થઈ છે, બાકિ બિલોના પુકારો. હો. જોહાં. ૧૨
ખુણે સંપાતા રક્ષક રંગ થોડા, રક્ષો બિ રીત શરેરો. હો. જોહાં. ૧૩
અતિ ધન કર તે આજ ગુમાવ્યાં, આપારિ પ્રીત વધારો. હો. જોહાં. ૧૪
સકળ કળા સુખ પક્ષો રૂપાળાં, તે તજ્યિત વાદળ ગયાં કાગો. હો. જોહાં. ૧૫
ગુણવંત જોતા કદર દાન ક્યહાંછે, સકળ કળા જોનારો. હો. જોહાં. ૧૬
જવાહિર હીરા માણિકયાદિ લચ્યા, પકવાનાદિ શૃંગારો. હો. જોહાં. ૧૭
આજ સોના બહુ સરો કોઈ કોટ, ધાતુ કિ તો ગણિ પ્યારો. હો. જોહાં. ૧૮
હૈયાનો હાર હરાતો ગણુંતો, ધાતુ બાવનુથી પગનારો. હો. જોહાં. ૧૯
આપારિ સુમન ગુણવંત કાંગા, એ આપારે ઝળકારો. હો. જોહાં. ૨૦
દેશ દેશના દેશ હિતરથી, બાગે આપણને તે ડંખારો. હો. જોહાં. ૨૧
આપણ સુ ગ્રામણીમાં ઠર્યાછે, ક્યહાં ઠામ એ વખતું વિચારો. હો. જોહાં. ૨૨
પરદેશી પગલાં આપાર રૂપે, ઘરવાદિ થઈને પુકારો. હો. જોહાં. ૨૩
વિચારમંદિરમાં વિચાર કરતા, આનંદમય અખાડો. હો. જોહાં. ૨૪
આપણું નાણું ક્યહાંરથિ આવ્યું, મહંમદિ આવ્યા વિકારો. હો. જોહાં. ૨૫
ફ્રેન્ચ, વિલંદા, ફરાની, ફિરંગી, ઇંગ્રેજ ઉજ્જ્વળ ન્યારો. હો. જોહાં. ૨૬
વ્યાપાર હારે બોયા પ્રજાના, રંક રાજાને એક ઉતારો. હો, જોહાં. ૨૭
પરદેશી દેશી પરદેશી આવ્યું, સોંઘી સોંઘી ચિત ધારો. હો. જોહાં. ૨૮
વ્હેલ કરો પારસી ને ફિરંગી, મુસલ્દિના જોઈ જોનારો. હો. જોહાં. ૨૯
દૈયા દેશી જોગ સાધ્યા પ્રમાણે, રોગ નાખ્યા તે નિવારો. હો. જોહાં. ૩૦

વિશ્વાસ ઉઠ્યા સંપજ ગુમ્યા, તે અત્યારે સુધારો. હો. જ્યહાં ૩૧
વિશ્વાસ સંપ જ્હાં આધાર તુટ્યો,જ્યાં દેશ કેડાં રાજ્યદ્વારો.હો.જ્યહાં.૩૨
જાતે જાતના પંથ વિચારી,આપો આપમાં સંપ વિસ્તારો.હો.જ્યહાં.૩૩
જન્મ ધર્મો ન ધર્મો જ્હાં ધરાતા, દેશીકારીગિરીને વધારો.હો.જ્યહાં.૩૪
ન પારકું સારૂં પોતિકું સારૂં, જો લાગે નઠારૂં સમારો. હો.જ્યહાં.૩૫
બંગાલ મદરાસ દક્ષણ મેડ્યું, રજવાડિ રાજકોટ ધારો હો.જ્યહાં.૩૬
સુરત ભરુચ મેડા રાજનગરના, ગુર્જર પ્રાન્ત સુધારો. હો. જ્યહાં.૩૭
જાતે જાતમાં વ્યાપાર કાજે, ભેગા થઈ ભાગિદારો. હો. જ્યહાં. ૩૮
લગ્નો શીમંત તેરમાં ખરચી, ક્રિયા માત્ર કરો તરનારો.હો. જ્યહાં.૩૯
બ્રાહ્મભોજ માત્ર શક્તી પ્રમાણે,શાસ્ત્રોક્ત ચતુર ચિતધારો.હો.જ્યહાં.૪૦
હુંસાતુંસી એકેકનું જોઈ કરતા,નરયોડે કરદાં જમણવારો હો.જ્યહાં.૪૧
ઘેલાઈ ભાંગે લગ્નોને ખરાતી, મૂકિ ઉત્સવે જ્ઞાતને કારો.હો.જ્યહાં.૪૨
સુર ઉત્સવ એક કલ્યાણકારી, કરો ઉદ્ધારણે હ્લેણદારો. હો.જ્યહાં.૪૩
જાતે જાતને ગામે ગામોતા,કર આધુબ એકઠાં થનારો હો.જ્યહાં.૪૪
કસરતિ અંગ ન કોઈમાં સેવ્યાં, જેહેનાથી ત્હેનાથી હારો.હો.જ્યહાં.૪૫
વિદ્વાન બહાદુર ભાવસ્ણ લેવાં, ચતુર થઈ સરદારો. હો. જ્યહાં.૪૬
આ સુખ જમિનજ્હાં જાહિર જનની,હાથભતાં હથિયારો હો.જ્યહાં.૪૭
ગામેગામમાં પુરમાં પોળે, કસરતશાળા વિસ્તારો. હો. જ્યહાં.૪૮
અધિક કળાવંત અધિકારી સ્થાપી,શુભ ચરિત્રનું ભાન વધારો.હો.જ્યહાં૪૯
સોળે સાન વિધિ વાત કહેણી,વે રહેણિ ન રાખિ ગમારો.હો.જ્યહાં.૫૦
વિદ્યા વિષે પુત્ર પ્યારો પિતાને,કવિ સુરવિર પંડિત ચિતારો.હો.જ્યહાં.૫૧
દેશકળા સૂર્ય કિર્ણો પ્રકાશે, જો પરદેશી વસ્તુ ધિક્કારો. હો.જ્યહાં.૫૨
દેશકળા ઉત્તેજક મન્ડળોમાં, થાય સભાં સભાં સત્કારો. હો.જ્યહાં.૫૩
પાવન વિર વિક્રમાદિત્ય ચેપજ,છત્રપતિ જય પદ્મ વારો હો.જ્યહાં.૫૪

(વીરચરિત્ર ભાગ. ૨)

દોહરા.

વીર ચરિત્ર વિચારતા, પારસિ મુસલમાન;
અવર આર્યજન એશિયા, અંકે હિન્દુસ્થાન.

દેશ રૂઠો જાતની ક્યાં, જાતી કોટિ અઢાર;
ચીન સ્હેજે જાતી જુદા, મચાવતા શુભ રહાડ. ૨
ભણિ ભણિયાણી મિત્ર કૈ, ભગિની માત સુ તાત;
સગાં સહોદર ગોત્ર કુળ, સંપ ન વિરૂદ્ધ વાત. ૩
પંથી પંથીઓ લડે, જ્ઞાત જાત થી વાત;
સંપ વધ્યો ક્યહાં સામટો, ધર્મ ધર્મ વિખ્યાત. ૪
મુસલમાન પારસિ લડ્યા, મુમ્બઈમાં બે વાર;
જુઓ રહ્યો ક્યહાં સંપ શુભ, ધન્ય બન્ડ વ્યવહાર. ૫
યત્ન કરો મળિ સંપથી, દેશ હિતના સાર;
દલપતિ ધરણી ધાતુ બળ, સંસાર પ્રિયકાર. ૬
માત્ર પ્રાણ રક્ષક બન્યા, જગમાં પોતા ભાર;
પેટ ભરે પશુ પક્ષિ ઓ, લાયક નહિં સરદાર. ૭
અસંતોષિ રાજ્યે વડો, કુળમાં કુળપતિ ધીર;
સ્વકુળ સાર પરાક્રમ, સંસ્કારી શુરવીર. ૮
અરસ પરસ સૌ દેશમાં, આપતા માલ વિશેષ;
પણ આતો સૌ પારકો. પોતાનો નહિં લેશ. ૯
ને ભલા શ્રીમંતકો, રાજ્યવર્ગિ જે હોય;
હેતુ પરાયા દેશની, કારિગિરિનિ જોય. ૧૦
માત્ર પ્રશંસા રૂપ તે, કુળાવંતને કાજ;
નમુનો જોઈ અસલ કર્યે, રીઝિ રિઝવતા રાજ. ૧૧
આ દ્વાદશ દોહા કર્યો, સ્વદેશિ લોક સુજાણ;
દલપતિ જો જાણે નહીં, તો પરિપટ પાષાણ. ૧૨

(વીરચરિત્ર રૂપક. ૩)

પદ. રાગ મંગળાચરણ પ્રમાણે.

આર્ય મૂળ અભિધાન, સ્વદેશી પારસિ મૂસલમાન. આર્ય. ટેક.
દુરદશામાં દેશ પિડાતો, જુઓ ભાન છતાં બેભાન. આ. ૧
દિનપરદિન પડતી નહિં સ્હેતી, એ રાય રંક ધનવાન. આ. ૨
ગામે ગામને નગર નગર જન, સંપ ધરો વિદ્વાન. આ. ૩

આપણું ધણુ વરી નહિં ઓછા, ભુલવે અરિનાં ભાન. સ્વ. ૪
પરદેશી દ્રવ્ય બહુ રળતા, દેશિ અમે નુકશાન. સ્વ. ૫
ભણિ ભણિ જન દાસત્વ નિયામાં, માની લે બહુ માન. સ્વ. ૬
દેશિ દગા ફટકાથી ડરતા, વ્યાપાર માંડ્યા નિદાન. સ્વ. ૭
કુસંપ કપટ તજિ દો સૌ દેશી, બનિ વ્યાપારે ધીમાન. સ્વ. ૮
ગૌચરણો ખેડેછ ઘણાઓ, કરિ નિર્દય નાદાન. સ્વ. ૯
સમજો પ્યારાં પશું પોષે દુધ, દધિ ધૃતથી પકવાન. સ્વ. ૧૦
ક્ષાત્ર ક્ષેત્રમાં એથિ વિચારો, પાડિ અધિક જન ધાન. સ્વ. ૧૧
સુવર્ણાદિક ધાતુ આણતા, શોધક થઈ લો માન. સ્વ. ૧૨
ચુર્ણાદિ કલ્ક માત્રાઓ કરો સૌ, વૈદ્ય વડા વિદ્વાન. સ્વ. ૧૩
પરદેશી ઓષધિઓ ખાવે, થતાં શરિર સગોલ સમાન. સ્વ. ૧૪
દેશિ વનસ્પતિનાં ગુણકારી, સત્વ કહાડિ ગુણવાન. સ્વ. ૧૫
આયુર વૃદ્ધિ વનસ્પતિ કરતા, તે તજિ ધરતા ધ્યાન. સ્વ. ૧૬
બંધ થશે આવતી પરદેશી, દુઃખદાયક લેતી જાન. સ્વ. ૧૭
આઠાઠ વર્ષે વરતાં બાળક, ગણિલોક લાજ સનમાન. સ્વ. ૧૮
અહલાવડા ને મ્હેલાવડા પ્રિય, કાચિ ધાતુનું કરતા જ્યાન. સ્વ. ૧૯
વંશિવાન તે બ્હેનું મ્હેલો, તો ક્યહાંથિ શુરાં સંતાન. સ્વ. ૨૦
થોડામાં ઘણું લક્ષપતિ સુચવે, શાન વાન શ્રી માન. સ્વ. આ. ૨૧

(ગીતિવૃત્ત.)

જેમ સકળ દેશોમાં, સકળ કળા પામતી રાજ્ય માન;
તેમ દેશિઆ દેશે, હતી થશે સકળ દેશથી તાન.

સમાપ્ત.

प्रताप दर्पण रूपक. १.

માલિનીવૃત્ત.

અમય સ્વરણુ રૂપી, ભૂમિકા જે રચાઈ,
અન ત્રિખર જ્યોતી, આવી જોઈ જવાઈ;
શરજુણ સરસાઈ, સર્વ શક્તી વિરાજે,
નર્તુ જ્યા અવતારી, રૂપ ટ્રુપેજ રાજે. ૧
સ્તુતિ રૂમ ધનિતવેરી, મૂલને ગૂઢ જાગે,
અક્ષય નિગમ શાસ્ત્રો, ધર્મનાં ક્ષેત્ર લાગે;
વિચારિ રાજ ભૂમિ, સુખ્ય ને આદ આતા,
શુભ શિર તને બૌ, જેઠમની આપ હતા. ૨

શિખરિણીવૃત્ત.

પ્રકાશ્યો ઉષ્ણો ભાનુ, રજનિ પડતાં પશ્ચિમ ગયો,
પ્રભાતે તે પૂર્વે, સ્વરણુ ધન સોનેર ઉદ્યો;
પ્રભાતે ખિલ્યાં તે, ઉઠિ દૂર સુખલી ગુપ ગયિ,
છવાઈ પૃથ્વી આ, સકળ સ્વળ શોભાજ જય જયે. ૧
પ્રજા સ્વાનિ ધ્યાને, કરિ તિલક આવાહન કરે,
સ્વધર્મે સૌ રાચી, અમળ વિદ્યાનાં ચિત ધરે;
ઉભી કુંભી હસ્તે, જય ગુરુ ધરી પુર પહતાં,
વસન્તે આમ્રોમાં, રૂપ દિપ વસાવ્યા દિપતા. ૨
સુગંધી સર્વાંગે, જન મન ઉમંગ્યા રૂપભુતાં,
સરસ્વતી સૌ ધ્વજા, સુરબિ દુરગાં ચરાવતીઃ
નિરાધાર શોભે, ધરણિ ઘુમતી મંડળ ભણી,
કૃપાને પૂરો, નયન રૂપ શાસ્ત્રાગ્નિ જાણી. ૩
દિપાવે માલિન્યો, અધિકાર રૂપ નિજ પરતાં,
વિચારે સૌ રસ્તા, બ્રહ્મ રમણીમાં કુલ કરતાં;
અચળ જે તે પાળો, અતિ ન ડુબનારા નર ખરી,
સુરા આશા પીતાં, હર હર સ્વતંત્રી થઇ ગયો. ૪

અછતોનાં માનો, સ્વગૃહિ સહ તેજોમય બધું,
બળે એ જોતિએ, કુળદિપકનાં જોય સમણું;
રમે રંગે ભાઉ, સરસ સતરંજે શિખિ ભલા,
કરાવે તે અચ્છાં, ઝળહળ પતાકા શત ફુલ. ૫
સમાચાની રેખા, સબળ પર શત્રુ સહ લડે,
ફુળા ફોરાવ્યાછે, પય વિશ વસ્યા તે અવઘડે;
અખાડાના ઉદ્યા, અનુભવ વિનાના શ્રિમરણે,
અગાડી નાં રાખે, અનુભવિ ધુમે અગ્રણપણે. ૬
પછાડી પૂઠી તે, રણભુવનના સત્ય કુળથી,
સમાલે સામગ્રી, સમયસુચવે છત્ર કળશી;
પ્રતાપી વૃદ્ધો ત્યહાં, કુરુ કુળ લડ્યાં સ્મરણ થતછે,
ગુરુદ્રોણે જેમે, અવધિ કરિ ધર્મેન્દ્ર યશછે. ૭

(મેઘ છંદની) ચાલ.

તારૂં ગોકુળ જોવાને આવરે, મથુરાના વાસી. એ રાગ.

રે સહજ સહજની મોજ લહે, આપ આપણુ ચાળા,
રાજપુત્ર થયા રજપૂત, જો એતુત રૂપાળા,
રૂપાળાં કરમાં ખાંડાં બાંધે, વરવા વસુધાને જાય,
પૃથ્વીપતિનાં તે અભિમાનો, તજિ દઈ ચેલા થાય,
શુરાતનને આશી. ૧
ઉપ્રેમ ખેંચેછે લાકડાં, આગોનાં ખારાં,
જો ખારાં ખારને ફેળવે, તો થાય ન ન્યારાં.
કેળવણી સઘળાને પ્યારી, પ્યારિ કીર્તિને કાજ,
કીર્તિવંત જિવન મુક્ત થાવે, ગાતા ગુણિજન ગાન,
મંદિર મંદિર આજે. ૨
ગુણ કર્મ કહાવી જાત, મેઘ સમાન વિરાજે,
તેમ ક્ષત્રિ બ્રાહ્મણ, રાજ્ય સુધર્મે છાજે,
સ્વધર્મે વ્હાલો જે સરજે નહિં, તેજ ખરો અજ્ઞાન,
જાતિ જહરમાં આગો નાખો, પરદુઃખભંજન માન,
ચડતા વિક્રમને. ૩

પ્રથમ વર્ગ વિદ્યાવંતનો, સકળ પાઠક રૈયા,
દ્વિતિય પદે ધર્મ રક્ષતા, ક્ષત્રિય કહૈયા,
તૃતિય પદે ધનવાન બિરાજે, દેશાભિમાની પૂર્ણ,
ચતુર્થમેં શૌર્ય ધન આપે, અરસોડે મોટા ધર્મ,
આ સોડે બધા દેતા. ૪
શોધન સાધન કાવ્ય, પ્રસંગ અગર દીપતિ,
સ્તુતિ કર યથોચિત શાસ્ત્ર, બહુ યશ કીર્તિ અપાર,
સાગર જેવો ગીરધરની ને, અવધૂત મિત્ર ચિત્ત,
કુંવરજીની અતિશ બિરાજે, નહિ બુદ્ધિકરણ કો મિત્ર,
ઉપમા ગાન રહોક. ૫
ચતુર વિદ્યા વકતૃત્વ ને, અભ્યાસાદિ કેવો,
ગદાધર ગંગાપ્રસાદ, તે યોગ્યામાં જોવો,
શરમ ધરી ગોવિંદજી ભલાભાઈ, અનુપમ પ્રેમાળો ગાય,
નારાયણ અંગમાં સ્વરૂપ પૂરે તે, ગાણાગણ ગણાય,
સિદ્ધિ સ્વરૂપ વિચારો. ૬

છંદ હરિગીતની ચાલ.

ઉત્તમ આ વહિવટમાં તે, વસુદેવ સદ્ગુણ રસાળ છે,
નિત નવલ રૈન તરંગ કરતા, આત્મજ્ઞાન વિશાળ છે,
અર્કેન્દુની કીર્તિ જગતમાં, આપણું જુગજુગ આવાસ,
બાળક મૂકી રમતાંથી, વસુ ચંદ્રમાં આવતા. ૭

પ્રભાતવર્ણનનું ગુચ્છ. ૨

મેઘ છંદની ચાલ.

જો શરદચંદ્ર સોહામણો, રમતો આકાશે,
તે ચકોર ઉર્મીથી જાગતો, પ્રેમ પ્રેમ પ્રકાશે,
બાળોદય ભાસે ગોપિ પેરે, કીર્તિ કમળા સાથ,
શરદચંદ્ર નક્ષત્રોને શોભા, ગોપી ગોપીનાથ,
હે ગો વિરહો જાગ્યો. ૧
જાગે તે સુરમ આવતો, મહિમામાં ગાજે,
ચંદ્ર કિરણ કાંતિની શીર, તેમ રત્નાકર બિરાજે,

નાયક લાયક આજ લખાયો, શૃંગારી સુરધાર,
પ્રભા પ્રભાકરની સહ કરતા, કરતાનું હીર ચીર.
એ સૌ ભાગ્ય સલૂણો. ૨

એ જોતાં તૃપ્ત ન થૈયે, તુલના અર્ધાંગી,
એતો ભામા કેશ રૂપમાં, અનુપમ સર્વાંગી,
સર્વાંગે હિમાળય શોભા, વરણવિ કાળીદાસ.
વૃંદાવનની શોભા સુખકર, પ્રેમ રમણુ રંગ રાસ.
શ્રી શુકદેવનુ ધન તે. ૩

એ જે ધન જનને કાજ, ઉત્પ્રેક્ષા આર્યોની,
રે પૃથ્વીમાં નથિ માગ, છે રચના કાવ્યોની,
નવરાત્રી પૂજન શક્તીનું, ચૌદ રત્નનું રત્ન,
તે થકિ યશ યશ દશ દિશા ચંદ્ર, કીર્તિનું એ શકિ યત્ન,
કેશરિ કારણ ખ્યાતિ. ૪

જય યશ યશ આર્યના અંગને, ભાવ ભૂષણ રૂપે,
સુગંધિ સમસ્ત ગોટા થઇ, દિવ્ય દર્શને ધૂપે,
પ્રકાશમાં સૌ પ્રકાશતારે, વ્હેચાયે નિસ્તેજ,
ધન પૂજન ધન કાળનું કાઢું, ઘર ઘર દિપક સતેજ,
કીર્તિ દિપકે દિવાળી. ૫

ઓ સુરત સુરત આ આજની, પ્રેમીમાં મ્હાલે,
રે પ્રેમ થકીજ શૌર્યતા, યશ રંગે આલે,
એ આશિષ આલિંગનથીજ, મંગળ મંગળ ગાઓ,
સ્મરણ કરાવે કાવ્ય રસીલાં, રણુ રંગે રંગાઓ,
શુભાશા શાનીઓ. ૬

એ વર્ણવિ મહિમાને લાહી, જ્ઞાની કો વંદે,
ભૂત વર્તમાન ભવિષ્યને, જો આધિકનંદે,
આનંદ કારણ રૂપ કાર્યમાં, નવલ નવલ પ્રિય જોય,
પરિક્રમણ પદ ન્હાનું ક્હાવે, મધ્યે મોહન સોહ,
મોહન મોહિનિ મળતાં. ૭

કે ચોહન પણ સબ આવેંના, આર્યાનુંગ કાજે,
કુશળી જય જય મળતારે, લેવા કોણુ આજે,
સંતોષિ અસંતોષ ખરો ચિર, અનન્તાં શુભ,
અરિથી અંત અમર એ હરેહર, ભવિષુ જુઓ લોપ.
જ્યોતિષી શ્રી જુઓછો.
અયોગ યોગ યોગ લાગે થઈ, નવ વનમાં ન્હાલો,
કાયર કેમ કહેવાયે આવું, પણ પણનો રિસાલો,
પ્રેમ શૌર્ય તદ્દપિ રહિ તેજ, તેજ યતઃ તૈયાર,
કવિ દલપતિ ભવરેણુ રણુ મધ્યે, જો અગણિત અપકાર,
જય, જય જય આર્યોને.

સમાપ્ત.

कैशरहिंद.

राज्य तवारीख.

गितीवृत्त

વિક્ટોરિયા સુ વિજયા, ઇંગ્લાન્ડે રાજતી દેવિ રૂપ;
ગુપ તવારિખ વરણું વશ હે વાણિશ્વરી રસ અનુપ. ૧
હુસ્થાનિ સજ્જન સૌ, વરણુન કરતાં શેષ થકિત થાય;
ો કવિજન શું કવતા, થાકે જિહ્વા વરસ વિતી જાય. ૨
ુદ્ધિ તણે અનુસારે, કિંચિત વરણુન કહૂ ધરો મન;
સિન્ધુનદ ભરપુરથી, ચાંચ ભરે પક્ષિ તેમ હું જન. ૩

છંદહરિગિતનીદેશી.

ર્યપુર વિશાળ શોભા, વ્યાપારે ચડતી હતી;
ા દેશથિ આવતા જન, તેમ કમ્પનિ પૈ છતી;
ાુસ્થાન ને ખમ્ભાત વળિ, અધરાજ બંગાળે વસી;
ોપ જન વ્યાપાર કરતા, બોગશે નાંખ્યા હસી. ૧
ુર ક્લાઇવ્ સરદારના, સુ વિચાર સૌને મન વસ્યા;
વસ્થા આ દેશની જોઇ, વ્યવસ્થા કરવે ધસ્યા;
વસ્થા તદબીરથી સજિ, સૈન્ય બે સબળે ઘુમ્યા;
ે રાજે મદત કાજે, કમ્પની કર જઇ ચુમ્યા. ૨
ુક તેહની સાથે, ઠ્હાપણે દરસાવિને;
ાસિમાં કૃતંજ પામ્યા, અરિ જનો તરસાવિને;
ોલિવન સમ ટીપુને, શ્રીરંગપટ્ટણમાં હણ્યો;
ોઇ વશ ઇંગ્રેજના, રાજ્યો કુછ ડર નહુ ગણ્યો. ૩
ૃ પેશવાઇ પૂરિ કીધી, દેશની સત્તા લિધી;
ામાં વ્યાપિ શાન્તી, હવિ આનન્દે કિધી;

મેમસાહિ મિત ન્યામુરાઈ સમજે, અદલ કાંટો કહાવિયો ;
રાજ્ય સકળ થઈ રૈયત, અમન સૌ મન ભાવિયો. ૪
ઉઠયો બળવો બળ કરી ને, સજ્જ સંગ્રામમાં ;
તે સમાવી મહારાણીયે, જય જય કર્યો ત્રિભુવનમાં :
કંપની કરથી લીધો, અધિકાર આપે હાથમાં ;
કેટુક અંશ અધિકારે થાપ્યું, રાજ્ય રૂપ સૌ સાથમાં. ૫
પધાર્યા પતિ પ્રિન્સ પૈલે, રાજના યુવરાજ જે ;
જન્મ સ્વપ્ન સફળ કર્યું, વળિ જોયું હિન્દી તાજ જે ;
ભૂપ સર્વે ભેટ આપી, આનથી ભેટયા જઈ ;
સપ્ત ટૂંક ગયણું ઊછળ્યું, શુભ ખુશાલી હિંદે થઈ. ૬
હિન્દરાજ્યથી દીવાન આવ્યા, આન પામ્યાં આ સમે ;
યુરોપમાં અતિ યુક્તિથી, શુભ દાવ સૌ સાથે રમે ;
આજ હિન્દુસ્થાનમાં, દિલ્હી પધારી ડંકા :
પદ કૈસરહિંદ ધન્ય ધન્ય, શાણિ નહિં કુળ જોડમાં. ૭

પદ રાગ જૈજૈવંતી.

જય જય મહારાણીજી, તું મહા માન પામિ ;
પદ કૈસરહિંદ લિધું, વિજય વિજય નામી. જય. ટેક.
દિલ્હી રાજ મહારાજે, સિંહાસનિ દેહલી ;
ઉત્સવ આનંદ આજ, પ્રજા થાતિ ઘેલી. જય. ૧
ખાન પાન રાગ રંગ, રમણિક દિસે જો ;
કલ્પવૃક્ષ મહાનિ રાણિ, પામ્યો વિશે જો. જય. ૨
અહિં સુધરાઈ મેડલ, બક્ષી દિવાળિ ;
નવા અધિકારિ આજ, મહેરબાન્ય રાજે. જય. ૩
આર્ય મુસલમાન ખ્રિસ્તિ, પારસી પધારી ;
કરિ આશિષ શ્રી પુષ્પવૃષ્ટિ, ધન્ય ધન્ય અધિકારી. જય. ૪
સુનરી સુ મહેલ માંહી, કવિતા ગવાણી ;
આપહિ સૌ પાળવાને, મિઠાઈ અપાવી. જય. ૫

રમત ગમત રંગ મોજ, શક્તિના ગુણોની :
કવિ જન કવતા મહાણિ, યશસ્વી ગુણોની. જય. ૬
ઠામ ઠામ દીપવાળિ, ઝળાં ઝળાં રાજે :
માર્ગ સ્વચ્છ છંટકાવ, વૃષ્ટિ થૈ શું આજે. જય. ૭
જન મન્ડળ સ્વચ્છ વસ્ત્ર, પ્હેરી મલપંતા :
દારૂખાનું નિરખવાજ, ઉમંગે ધસંતા. જય. ૮
સાગરની લ્હેરિયે સમ, ધસંતા દિસે છે ;
જગતિ ઉપમા શું કહું, મનોમન વિષે છે. જય. ૯

ગીતિવૃત્ત.

સોદરાકુળ કિર્તી શુભ, સૂર્ય સમી જોઈને અરી ડરતા :
અખંડ અવિચળ રેહેજો, યશસ્વિ કાર્યો તણી કરી કરતા. ૧

શાહજહાન બાદશાહના વખતમાં ગ્વાલિયરના રહેનાર કવિ સુંદરદાસે પોતાને બાદશાહ તરફથી જે માન મળ્યું તે વિશે સુંદરશૃંગાર નામના પુસ્તકમાં લખેછે કે.

દોહરો.

નગ ભૂષન મનિ સમ દિયો, યહુ હાથી શિરપાવ ;
પ્રથમ દિયો કવિરાજ પદ, બહુરિ મહા કવિરાય. ૧

એક કવિ ભોજના સમયમાં આમ કહેછે કે, ચાતક જેમ પુરંદરની યાચના કરેછે (અર્થાત મેઘ સ્વાધીન છે તેથી.) ત્યારેજ સંતોષ માને છે નહિં તો તરસે રહે છે તેમ ઉત્તમ કવિને રાજાઓ તરફથી આશ્રય મળેછે ત્યારેજ તે સંતોષ માને છે નહિંતો તરસ્યો રહેછે.

THE EMPRESS OF INDIA.

O, Goddess of speech! give me success. I describe shortly the history of the British rule in India. Victoria, whose very name signifies victory, shines with the lustre of a Goddess in England. O, ye men of Broach, listen to me who am attempting to describe to the best of my ability the virtues of our Empress. Her glory it is beyond the power of Sesh to describe with his thousand tongues. In making this attempt I merely resemble a bird carrying a drop from a great ocean.

The East India Company first established its factory in the then flourishing and commercial town of Surat and then in Broach, Madras, Bengal &c. At first these Europeans were laughed at by the Moguls as mere men of commerce; but by the will of God these foreign merchants, under the military genius of Lord Clive engaged themselves in adjusting the politics of the country. Gathering armies the all-subduing English rushed a-

gainst their enemies and the Native Princes sought their helping hands. The victory of Plassey, the deserved result of their wisdom and policy, secured to them supreme power in the country. They destroyed Tipu Sultan, the Napolean of Shirangapatam and spread terror into the hearts of the enemies. Then came the turn of the Peshwa, whose great throne was worthily occupied by the English, whose blessed rule gave happiness and tranquility to the whole nation. The justice of the English became a subject of admiration throughout the length and breadth of India and the subjects were satisfied with their just rule. Her Imperial Majesty, after suppressing the formidable mutiny of 1857, took the reins of her Indian Empire into her own hands amidst universal acclamations of joy. First came His Royal Highness the Duke of Edinburgh to gladden the loyal hearts of Her Majesty's subjects and then followed the gracious visit of His Royal Highness the Prince of

Wales who thus fulfilled the dream of his life. Native Chiefs from various parts of the country flocked together to pay their respects and offer presents. The wise premier, the earl of Beaconsfield has acquired great fame by his wise and cautious policy and this day in India the glory of Her Majesty shines with full lustre by her assumption of the title of the Empress of India. O, Queen thou hast no equal, Glory to thee O, Empress. Thy title of "Empress of India." implies victory to thy arms This day the 1st of January 1877 there are feasts and rejoicings everywhere in this land and the hearts of thysubjects are maddened with joy. The people are eating and drinking and there is joy and happiness everywhere. To the beggars, O, Empress, thou hast proved thyself a Kalpa Vriksh (a tree which satisfies all desires.)

In the beautiful Hall of the Municipality the members of the Hindoo, Parsee, Mussalman and English communities assembled to pour forth

their heartfelt blessings on the Queen and sweet-meats were distributed to the boys and girls who sang beautiful songs in the Sumeri Mehal. This seems a day of Divali to every one and the roads are as well watered as if it had rained. The people in their best attire rush like the waves of the ocean to see the fireworks with great glee. Kavi Dalpatram says my power of description fails to give an adequate idea of the scene though every heart does feel it."

May thy enemies tremble on seeing thy glory as bright as the resplendent sun and mayest thou the doer of glorious deeds live a long and happy life to rule India.

When the Great Mogul Emperor Shahajan ascended the throne of India he signalized the Event by conferring the title of Maha Kavi (Great Poet) on poet Sundar accompanied with large and costly gifts; may the Empress do the same in the case of the living poets in India who look to the kings as their chief support like the Chatak (a bird) that would subsist by the bounty of the Almighty Jove (Indra) or die of thirst.